
Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-
Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)
Web: www.saurashtrakranti.com Email ; saurashtrakranti@gmail.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતિ

Year:7, Issue: 219 Dt.25-06-2022 (Saturday) સાંધ્ય દૈનિક

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાન: 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001



સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી Sk News એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play | SK NEWS | સૌરાષ્ટ્ર ક્રાંતી NEWS

www.saurashtrakranti.com

# મોભો એ જ, માધ્યમ નવું

## યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા




આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો

SUBSCRIBE TO OUR CHANNEL
SAURASHTRA KRANTI

@saurashtrakranti/ saurashtrakrant
SAURASHTRAKRANTI SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

સૌરાષ્ટ્ર ક્રાંતી સાંધ્ય દૈનિક

WhatsApp કરો તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઇ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઈપણ ઘટના કે સમાચારની વિગત

93276 28571 ઉપર Whats App કરો

email: saurashtrakranti@gmail.com
web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

# ક્લાસિફાઈડ

પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૈક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

જાહેરાત માટે સંપર્ક કરો:
90333 44426




આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે
94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.

# વરસાદના અભાવે રાજકોટ જિલ્લાના ૨૭ ગામમાં ફરી ટેન્કર રાજ



## અછત મુજબ પાંચ ઈંચ વરસાદ ન થાય ત્યાં સુધી ટેન્કર ચાલુ રખાશે , ૧૧ તાલુકામાં અર્ધાથી ત્રણ ઈંચ નોંધાયો

**દરરોજ પાણીના ટેન્કરોનાં ૧૫૪ ફેરા કરવામા ફરી શરૂ કરાયા**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**
રાજકોટ, તા.૨૫

નૈઋત્ય ચોમાસાનો પ્રારંભ થયાને આઠ દિવસ જેટલો સમય પસાર થવા આવેલ છે પરંતુ રાજકોટ જિલ્લાના મોટાભાગના વિસ્તારોમાં અપેક્ષા મુજબની મેઘમહેર હજુ થવા પામેલ નથી. જેના પરિણામે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા હાલ ૨૭ જેટલા ગામોમાં ખાનગી ટેન્કરો મારફત પીવાના પાણીનું વિતરણ કરવામાં આવી રહ્યું છે.

સામાન્ય રીતે અછત મેન્યુલ મુજબ પાંચ ઈંચ વરસાદ જે તાલુકામાં પડે ત્યાં પાણીનાં ટેન્કરો બંધ કરી દેવામાં આવે છે. પરંતુ જિલ્લાનાં ૧૧ તાલુકામાંથી એક પણ તાલુકામાં પાંચ ઈંચ વરસાદ હજુ સુધી નોંધાયો નથી આવા સંજોગોમાં ટેન્કરો પાણી પુરવઠા બોર્ડે ચાલુ રાખ્યા છે.

ઉપલેટામાં ૩૪ મીમી, કોટડા સાંગાણી માત્ર ૧૪ મીમી, ગોંડલ ૨૪ મીમી, જેતપુર ૧૫ મીમી, જેસદણ ૬૯ મીમી, જામકંડોરણા ૪૦ મીમી, ધોરાજી ૧૯ મીમી, પડધરી ૬૯ મીમી, વિંછીયા ૧૭ મીમી, રાજકોટ તાલુકો ૬૧ મીમી અને લોધિકામાં સતાવાર આંકડા મુજબ માત્ર ૮ મીમી વરસાદ નોંધાયો છે. લોધિકામાં તો વાવણી લાયક વરસાદ પણ પડયો નથી. રાજકોટ, જસદણ, વિંછીયા અને લોધિકા તાલુકામાં મળીને હાલ ૨૭ ગામમાં પાણીનાં ટેન્કરોનાં ૧૫૪ ફેરા કરવામાં આવી રહ્યા છે જેમાં સૌથી વધુ રાજકોટ તાલુકાના ગામમાં સૌથી વધુ ૧૭ ફેરા કરવામાં આવી રહ્યા છે.

જો કે રાજકોટ જિલ્લામાં હવે નવા ટેન્કર અને નવા બોરની ડિમાન્ડ નથી આવી પરંતુ જે ગામમાં ટેન્કરો ચાલુ છે તે યથાવત રાખવામાં આવ્યા છે. રાજકોટ જિલ્લામાં સાર્વત્રિક વરસાદની લોકો રાહ જોઈ રહ્યા છે પરંતુ મેઘરાજા હાથ તાળી આપી રહ્યો છે. આગામી સારો વરસાદ જ્યા સુધી નહીં થાય ત્યા સુધી ટેન્કરો ચાલુ રાખવા પડશે તેવી સ્થિતિ સજાઇ છે.

### યુવા સાધક રવિબાપુ દ્વારા દોઢ મહિનાથી ચાલતી સાધના

# ભાવનગરમાં લંકાપતિ રાવણની મૂર્તિની સ્થાપના




**સૌરાષ્ટ્રમાં શિવભકત રાવણના શિખરબધ્ધ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા થશે, રાવણદહન બંધ થશેઃ રવિબાપુ**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, ત.૨૫

ભાવનગર ખાતે રહેતા યુવા સાધક રવિ ઓમ (રવિબાપુ) એ ગત પરશુરામ જયંતિએ પોતાના ઘરે લંકપતિ રાવણની મૂર્તિની સ્થાણના કરીને, દોઢ મહિનાથી કઠોર સાધના ચાલુ કરી છે.

રાજકોટ ખાતે આજે પત્રકાર પરિષદમાં સાધક રવિબાપુએ જણાવ્યું છે કે, રાવણ એક એવા જ્ઞાની ભૂદેવ હતા જેના જ્ઞાન અને ભક્તિના તોલે કોઈ આવી શકે નહીં. જેના મૃત્યુ માટે ભગવાને ધરતી પર જન્મ લેવો પડ્યો હતો તેના શૌર્યને ભગવાન પર વખાણે છે. પોતાની બહેનના અપમાનનો વળતો જવાબ દેવા તે સીતાજીને લઇ તો ગયા પણ સ્પર્શ પણ નથી કર્યો એવા સ્ત્રીને માન આપનાર લંકાપતિ રાવણની મૂર્તિની સ્થાપના ભાવનગર ખાતે ટોપ થ્રી સર્કલ, સુમેર બંગલો, બ્લોક નંબર ૪૨, રજવાડી મામા સરકારના સાનિધ્યમાં કરવામાં આવી છે.

રવિ બાપુનું કહેવું છે કે, મારી અઘોર સાધનાની પૂર્ણાહુતિ થઈ છે. તાંત્રિક સાધના શરૂઆત કરવા જઈ રહ્યો છું. તાંત્રિક વિધિ વિધાનથી મંત્રો દ્વારા અગિયાર લાખ આહુતિ લંકાપતિ રાજા રાવણની સિધ્ધિ પ્રાપ્તિ માટે કરવા જઈ રહ્યો છું. આવનાર સમયમાં લંકાપતિ રાજા રાવણનું હર વર્ષે દશેરાના દિવસે દહન થઈ રહ્યું છે તે રાવણ દહન બંધ થશે એ મારી ભવિષ્ય વાણી છે અને આવનાર દિવસોમાં શિવ ભક્ત લંકાપતિ રાજા રાવણના શિખરબંધ મંદિરની



પ્રાણ પ્રતિષ્ઠા સૌરાષ્ટ્રમાં થશે એ પણ મારી ભવિષ્ય વાણી જણાવી રહ્યો છું. તેમ અંતમાં જણાવ્યુ છે. (પ.૧૩)

# નવજાત શિશુના પ્રજનન અંગની તપાસ માતા પિતાએ કરવી અત્યંત જરૂરીઃ ડો. નયન ટીંબાડીયા



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૫

તાજેતરમાં જ વોકહાર્ટ હોસ્પિટલ ખાતે એક ૧૮ વર્ષીય યુવાનની અનડીસેન્ડેડ શુક્રપીંડ નામક દુર્લભ બીમારીની સારવાર લેપ્રોસ્કોપીક દ્વારા કરવામાં આવી.

ડો.નયન ટીંબાડીયા અનડીસેન્ડેડ શુક્રપીંડ નામક દુર્લભ અને જન્મજાત બીમારીની જાણકારી આપતા જણાવે છે કે, આ બીમારીમાં શુક્રપીંડ તેના નોર્મલ જગ્યાએ એટલે કે વૃષણકોથળીમાં નથી હોતું અને પેટના નીચેના ભાગમાં અથવા તો પેટની અંદર હોય છે. જો શુક્રપીડને પહેલા વર્ષ સુધીમાં નોર્મલ વૃષણકોથળીમાં ઓપરેશનથી ન લાવવામાં આવે તો તેમાં શુક્રાણુ ઉત્પન થવાની શક્યતા નહિવત થઈ જાય છે. ઘણી વખત તેમાં કેન્સર થવાની શક્યતા હોય છે.

આ બીમારીમાં ઓર્કીડોપેક્ષી નામની સર્જરી કરી શુક્રપીંડને નોર્મલ જગ્યાએ ફીક્સ કરવામાં આવે છે.

ડો.નયન ટીંબાડીયા વધુમાં જણાવે છે કે, આ પ્રકારની બીમારીમાં સમય મર્યાદા ખુબ જ મહત્વની છે તેથી સમયસર બીમારીની જાણ થતા તુરંત તેની સારવાર કરાવવી જોઈએ.(૧૩)

**વાચકોએ નોંધ લેવી**

**કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.**

**વ્યવસ્થાપકઃ સૌરાષ્ટ્ર ક્રાંતી**

# કાલે તમામ વોર્ડ બુથમાં વડાપ્રધાનનો ‘મન કી બાત’ કાર્યક્રમ યોજાશે



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૫

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી મન કી બાત દ્વારા લોકો સાથે સીધો સંવાદ પ્રસ્થાપિત કરે છે. મન કી બાતનું તમામ નેટવર્કો પર પ્રસારિત કરવામાં આવે છે.

જે અંતર્ગત શહેરના તમામ વોર્ડના બુથમાં આવતીકાલે તા.૨૬ ના રવિવારે સવારે ૧૧ કલાકે ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીના માર્ગદર્શન હેઠળ મન કી બાત વીથ કાર્યક્રમ યોજાશે. જેમાં તમામ બુથોમાં શક્તિકેન્દ્રમાં મન કી બાત કાર્યક્રમ પૂર્ણ થાય બેઠક યોજાશે. આ બેઠકમાં અગ્રણીઓ દ્વારા જે-તે શક્તિકેન્દ્રમાં કાર્યકર્તાઓ સાથે આગામી કાર્યક્રમો અને વિવિધ સંગઠનાત્મક બાબતો અંતર્ગત ચર્ચા-પરામર્શ કરવામાં આવશે.

ત્યારે કાર્યક્રમમાં તમામ બુથ પર ભાજપની તમામ શ્રેણીના કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં જોડાવવા શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી જીતુ કોઠારી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુરએ જાહેર અનુરોધ કર્યો છે.

ત્યારે પ્રદેશ ભાજપની યોજનાનુસાર મન કી બાત કાર્યક્રમને વધુને વધુ બુથો સુધી પહોંચાડવા માટે ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીના માર્ગદર્શન હેઠળ મહાનગર કક્ષાએ વિરેન્દ્રસિંહ ઝાલાને તથા વિધાનસભા-૬૮માં અશોક લુણાગરીયાને, ૬૯ માં પરેશ હુબંલને, ૭૦માં દીવ્યરાજસિંહ ગોહિલને તેમજ ૭૧માં રાજુભાઈ બોરીચાને જવાબદારી સોંપાઈ તેમજ તમામ વોર્ડમાં વોર્ડપ્રભારી-વોર્ડપ્રમુખ જવાબદારી સંભાળશે. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩)

## અવસાન નોંધ

મૂળ જેતપુર, હાલ રાજકોટ નિવાસી સારસ્વત બ્રાહ્મણ પ્રતીકભાઈ ચંદ્રેશભાઈ કનૈયા (ઉ.વર્ષ ૩૨) નું તા.૨૩ ને ગુરૂવારે અવસાન થયું છે. જે ચંદ્રેશભાઈ પ્રભાશંકર કનૈયાના પુત્ર, સ્વ. પ્રભાશંકર ગોવિંદજી કનૈયાના પૌત્ર સ્વ. નંદલાલભાઈ તુલસીદાસભાઈ દુલ્લાના જમાઈ ધર્મિષ્ઠાબેન મેહુલકુમાર લહેરૂ તથા સ્નેહાબેન હાર્દિકકુમાર દુલ્લાના ભાઈ હાર્દિકભાઈ (લાલા મહારાજ) રવિભાઈ દુલ્લાના બનેવી જટાશંકરભાઈ ચત્રભૂજભાઈ કુવા (પોરબંદર)ના ભાણેજનું બેસણું તેમજ સાદડી તા.૨૫ ને શનિવારે ૪ થી ૬ રાજ રામેશ્વર મહાદેવ રાજલક્ષ્મી સોસાયટી શેરી નં.૧૮ હુડકો પોલીસ ચોકી સામે કોઠારીયા રોડ ખાતે રાખેલ છે. (મો. ૯૯૨૫૬૧૪૦૨૩)

**રાજકોટઃ** ડો.ડી.કે.વાડોદરિયા (પંચશીલ સ્કૂલ) ના માતા સ્વ. સુંદરબેન કાનજીભાઈ વાડોદરિયા (ઉ.વ.૯૨) નું તા.૨૪ ને શુક્રવારના રોજ અવસાન થયું છે. સદ્દગતનું બેસણું તા.૨૭ સોમવારના રોજ સાંજે ૪ થી ૬, એસ્ટ્રોન સોસાયટી કોમ્યુનીટી હોલ, એસ્ટ્રોન સોસાયટી મેઈન રોડ, અમીન માર્ગ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** શાપર નિવાસી જગદીશ અબોટી બ્રાહ્મણ વિજયભાઈ તુલજાશંકરભાઈ જાની (ઊ.૪૭) તે તુલજાશંકર જાદવજીભાઈ જાનીના મોટા પુત્ર, ભાઈશંકરભાઈ, સ્વ કાંતીલાલભાઈ જાનીના ભત્રીજા, નાથાલાલ રામજી ત્રિવેદી (પોરબંદર)ના જમાઈ, સુરેશભાઈ, વિપુલભાઈ, ચેતનભાઈના મોટાભાઈનું તા.૨૪ના અવસાન થયું છે. તેમનું ઊઠમણું તા.૨૭ને સોમવારે ૪ થી ૬ તેમના નિવાસસ્થાન ‘સિધ્ધી વિનાયક’, ભક્તિધામ સોસા. શેરી નં. ૩, શાપરમાં રાખેલ છે.

**રાજકોટઃ** મૂળ જેતપુર, હાલ રાજકોટ નિવાસી સારસ્વત બ્રાહ્મણ (ઉ.વર્ષ ૩૨), સ્વ. પ્રતીકભાઈ ચંદ્રેશભાઈ કનૈયા જેમનો કૈલાશવાસ તા.૨૩ ને ગુરૂવારે થયેલ છે. જે ચંદ્રેશભાઈ પ્રભાશંકર કનૈયાના પુત્ર સ્વ. પ્રભાશંકર ગોવિંદજી કનૈયાના પૌત્ર સ્વ. નંદલાલભાઈ તુલસીદાસભાઈ દુલ્લાના જમાઈ ધર્મિષ્ઠાબેન મેહુલકુમાર લહેરૂ તથા સ્નેહાબેન હાર્દિકકુમાર દુલ્લાના ભાઈ હાર્દિકભાઈ (લાલા મહારાજ) રવિભાઈ દુલ્લાના બનેવી જટાશંકરભાઈ ચત્રભૂજભાઈ કુવા પોરબંદરના ભાણેજ જેમનું બેસણું તેમજ સાદડી તા.૨૫ ને શનિવારે રામેશ્વર મહાદેવ રાજલક્ષ્મી સોસાયટી શેરી નં.૧૮ હુડકો પોલીસ ચોકી સામે કોઠારીયા રોડ ખાતે રાખેલ છે. (મો.૯૯૨૫૬૧૪૦૨૩)

### મવડી રોડ પર ‘સ્વ. રતિભાઈ રામભાઈ બોરીચા’ ચોકનું નામકરણ થશે

# કાલે સ્વ. રતિભાઈ બોરીચાની જન્મતિથિની ભાવપૂર્ણ ઉજવણી

### બોરીચા પરિવાર દ્વારા ઋણ સ્વીકાર સ્વરૂપે લોકડાયરા, ભાજપ અગ્રણીઓની નોટબુક-તુલા વગેરેનું આયોજન



‘સૌરાષ્ટ્ર ક્રાંતી’ની મુલાકાતે પધારેલા વૈભવભાઈ બોરીચા, ચેતનભાઈ બોરીચા, સાગરભાઇ બોરીચા અને સંજયભાઇ બસીયા તસવીરમાં નજરે પડે છે.

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૫

રાજકોટના પૂર્વ કોર્પોરેટર સ્વ. રતિભાઈ રામભાઈ બોરીચા, (પૂર્વ વિરોધ પક્ષ નેતા-તાલાલા તાલુકા પંચાયત) ની જન્મતિથિ નિમિતે સ્વ. રતિભાઈ રામભાઈ બોરીચા ચોક નામકરણ અને પદાધિકારીઓનો ઋણ સ્વીકાર કાર્યક્રમ સાથે ભવ્ય લોકડાયરાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.

સ્વ. રતિભાઈ બોરીચા સને-૧૯૮૬ થી ૧૯૯૧ સુધી રાજકોટ મહાનગરપાલિકામાં કોર્પોરેટર તરીકે ચુંટાઈને રોશની સમિતિના ચેરમેન તરીકે કામગીરી કરીને લોકપ્રિય થયા હતા. ૧૯૯૧ થી બે ટર્મ સુધી શહેર ભાજપના ઉપ પ્રમુખ રહ્યા હતા. સને - ૨૦૧૦ થી ૨૦૧૫ સુધી તાલાલા તાલુકા પંચાયત સદસ્ય તરીકે ચુંટાઈને વિરોધ પક્ષના નેતા તરીકે પાંચ વર્ષ રહયા હતા. તાજેતરમાં તા.૧૯-૫-૨૦૨૨ ના મહાનગરપાલિકાની સાધારણ સભામાં ઠરાવ પાસ થયેલ મવડી મેઈન રોડ, આનંદ બંગલા ચોકથી લક્ષ્મીનગર મેઈન રોડ તરફ જતા મેંગો માર્કેટવાળા ચોકનું નામ સ્વ. રતિભાઈ બોરીચા ચોક નામકણ કરવામાં આવશે અને તા. ૨૬-૬-૨૦૨૨ ને રવિવારના રોજ સ્વ. રતિભાઈ બોરીચાની જન્મતિથિ નિમિતે પદાધિકારીઓનો ઋણ સ્વીકાર અને રાજભા ગઢવી તથા પૂનમબેન ગોંડલીયાના લોકડાયરાનું આયોજન બોરીચા પરીવાર દ્વારા કરવામાં આવેલ છે. સ્વ. રતિભાઈ બોરીચા ચોક નામકરણ અનાવરણ ધારાસભ્ય અરવિંદભાઈ રૈયાણીના હસ્તે કરવામાં આવશે. કાર્યક્રમનું પ્રમુખ સ્થાન ઉદયભાઈ કાનગડ શોભાવશે. આ કાર્યક્રમમાં મેયર ડો. પ્રદિપભાઈ ડવ, રાજકોટ શહેર ભાજપ પ્રમખ કમલેશભાઈ મીરાણી, ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, રાજય સભાના સાંસદ રામભાઈ મોકરીયા તેમજ પ્રદેશ ભાજપના ડો. ભરતભાઈ બોઘરાની નોટબક તુલા કરવામાં આવશે અને જે નોટબુક થશે તે રાજકોટ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની સંચાલિત શાળાના વિદ્યાર્થીઓને ભેટ આપવામાં આવશે.

આ લોક ડાયરામાં ઘોર કરવા (પૈસા ઉડાડવા)ની સખત મનાઈ



રાખવામાં આવી છે અને આ લોક ડાયરામાં જે કોઈ સ્વૈચ્છિક ફંડ આપવા માંગતા હોઈ તેમના માટે ફંડ લખવા માટે કાઉન્ટર રાખવામાં આવશે. આ લોક ડાયરામાં જે કાંઈ ફંડ એકઠું થાશે તે ફંડમાંથી ૦ થી ૭ વર્ષની દીકરીઓના સુકન્યા સમૃધ્ધિ યોજના માં પોસ્ટ માં બચત ખાતા ખોલાવીને પાસબુક તેમમના પરિવારને પહોંચાડી આપવામાં આવશે.

# શહેરના પૂર્વ પ્રમુખ,મીસાવાસી તેમજ જનસંઘના અગ્રણી જીતુભાઈ શાહનું સન્માન કરી ભાવવંદના કરતા મિરાણી



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૫

આજે કટોકટી દિવસ અંતર્ગત કટોકટી સમયના ‘મીસા’ કાયદાના પીડિતોને સન્માનવાના ભાગરૂપે શહેર ભાજપ દ્વારા મીસાવાસીઓનું ઘરે જઈ સન્માન કરવાનો કાર્યક્રમ યોજવામાં આવેલ. તે અંતર્ગત શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી દ્વારા શહેરના પૂર્વ પ્રમુખ, મીસાવાસી તેમજ જનસંઘના અગ્રણી જીતુભાઈ શાહનું સન્માન કરી ભાવવંદના કરવામાં આવી હતી. આ તકે શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી સાથે શહેર ભાજપ ઉપપ્રમુખ પરેશ હુંબલ તેમજ વોર્ડ નં.૧૦ના પ્રમુખ રજનીભાઈ ગોલ તેમજ સ્થાનિક અગ્રણીઓ અને પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

આ તકે કમલેશ મિરાણીએ જણાવેલ કે, તા.૨૫- જૂનનો દિવસ સ્વતંત્ર અને આધુનિક ભારતના ઈતિહાસમાં સૌથી કાળા અનેક કલંક્તિ દિવસ તરીકે નોંધાયો છે. કેમ કે આ જ દિવસે લોકશાહીની હત્યા કરી દેવામાં આવી હતી. આ ઘટના ભારતીય રાજનીતિના ઈતિહાસના કાળા અધ્યાય સમાન ગણાય છે.

તેમજ બલિદાન દિવસ અંતર્ગત જણાવ્યું હતું કે ડો. શ્યામાપ્રસાદ મુખર્જીનું જીવન નવી પેઢી માટે પ્રેરણાસ્ત્રોત સમાન છે. તેઓએ અનેકવિધ સંઘર્ષો કર્યા છે. તેમજ કાશ્મીર માટે તેમણે બલિદાન આપ્યું હતું.(૧૩)

# રાજકોટ જીલ્લા ભાજપા દ્વારા કોંગ્રેસે કટોકટી કાળમાં કરેલા અત્યાચારોને મુદ્દે ધરણા



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૫

ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલની સુચના અનુસાર રાજકોટ જીલ્લા ભાજપા અધ્યક્ષ મનસુખભાઈ ખાચરીયાની આગેવાનીમાં રાજકોટ જીલ્લા ભાજપા દ્વારા કોંગ્રેસે કટોકટી કાળમાં કરેલા અત્યાચારોને ઉજાગર કરવા ધરણા અને સુત્રોચારનો કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં મહામંત્રીઓ મનસુખભાઈ રામાણી, મનીષભાઈ ચાંગેલા, પૂર્વ રાષ્ટ્રીય ગૌ સેવા આયોગના ચેરમેન ડો.વલ્લભભાઈ કથીરિયા, પ્રદેશ કારોબારી સભ્ય દિનેશભાઈ અમૃતિયા, કાર્યક્રમના ઇન્ચાર્જ રાજેન્દ્રભાઈ ધારૈયા, સહ-ઇન્ચાર્જ ડો.દીપકભાઈ પીપળીયા, પ્રવીણભાઈ માંકડિયા, જીલ્લા ઉપપ્રમુખ નરોત્તમભાઈ પરમાર, જીલ્લા મંત્રી પ્રાગજીભાઈ કાકડિયા, જીલ્લા મોરચાના પ્રમુખ, મહામંત્રીઓ, યુવા મોરચા, મહિલા મોરચા, બક્ષીપંચ મોરચા, કિસાન મોરચા, અનુસુચિતજાતી મોરચા, લઘુમતી મોરચા તેમજ આગેવાન કાર્યકર્તાઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

**કોંગ્રેસ દ્વારા બંધારણ અને લોકતંત્રની હત્યા, થઈ હતી આજના દિને લોકશાહીની કિલ્લેબંધી, લાદી હતી કટોકટીના શસ્ત્રે સ્વતંત્રતા પર પાબંધી જેવા સુત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા**

આ કાર્યક્રમમાં રાષ્ટ્રીય અને પ્રદેશ સ્તરની જવાબદારી ધરાવતા તમામ અગ્રણી, જીલ્લાના પદાધિકારી અને કારોબારી સભ્ય, જીલ્લા મોરચાના પદાધિકારી અને કારોબારી સભ્ય, સાંસદ (વર્તમાન અને પૂર્વ), ધારાસભ્ય (વર્તમાન અને પૂર્વ), બોર્ડ-નિગમના ચેરમેન, વા.ચેરમેન, ડિરેક્ટર (વર્તમાન અને પૂર્વ), જીલ્લા સ્તરની સહકારી સંસ્થાના ચેરમેન, વાઈસ ચેરમેન, ડિરેક્ટરો (વર્તમાન અને પૂર્વ), જીલ્લા અને મંડલના સેલ-આયામ-પ્રકલ્પના સભ્ય, સંગઠન પર્વના ઝોન, જીલ્લા તેમજ મંડલના ઇન્ચાર્જ અને સહ-ઇન્ચાર્જ, મંડલ પક્ષના અને મોરચાના પદાધિકારી, શક્તિકેન્દ્ર ઇન્ચાર્જ, સહ-ઇન્ચાર્જ, નગરપાલિકા, તાલુકા પંચાયત, જીલ્લા પંચાયતની ગત ચૂંટણી લડેલા ઉમેદવાર, તાલુકાની સહકારી સંસ્થાના ચેરમેન, વાઈસ ચેરમેન, ડીરેક્ટરો (વર્તમાન અને પૂર્વ), જે સ્થાને કાર્યક્રમ છે તેના બુથના પ્રમુખ-મંત્રી (ગ્રામીણ અને શહેરી), જે સ્થાને કાર્યક્રમ છે તે મંડલના કારોબારી સભ્ય અને મોરચાના કારોબારી સભ્ય (ગ્રામીણ અને શહેરી), જીલ્લાના સક્રિય સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કટોકટીકાળનો વિરોધ કરવામાં આવ્યો હતો. તેમ જીલ્લા પ્રેસ મીડિયા ઇન્ચાર્જ અરૂણભાઈ નિર્મળએ જણાવ્યું છે.

અમે કાઠીયાવાડી — અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
**સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક પેપરની ઇ-પેપર PDF મેળવવા માટે આપના મોબાઇલ પરથી મો.70483 63882 અથવા તો 93752 17603 પર આપનું નામ, તેમજ શહેરનું નામ લખી વોટ્સએપ કરો.**

Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-
Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)
Web: www.saurashtrakranti.com Email ; saurashtrakranti@gmail.com




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
Year:7, Issue: 219 Dt.25-06-2022 (Saturday)
તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001

## ગુજરાતમાં ૧૧ તાલુકા સાવ વરસાદ વિહોણા, ૧૪૫ તાલુકામાં માત્ર ૦ થી ૫૦ મીમી

# સૌરાષ્ટ્રમાં મેઘરાજાનું આગમન વિલંબમાં મુકાતા ખેડૂતો ચિંતાતુર



**દક્ષિણ ગુજરાત સિવાય અન્ય વિસ્તારો એકદમ કોરાઃ વાવણીની તૈયારીમાં બેઠેલા ખેડૂતોના માથા પર ચિંતાની લકીર ખેંચાઈઃ જો થોડા દિવસોમાં વરસાદ ન આવે તો ખેતીને ફટકો અને જળસંકટની પણ ભીતિ**

**ગાજ્યા મેઘ નહીં વરસતા પાક–પાણીની ચિંતાના વાદળો ઘેરાયાઃ હવામાન ખાતાની આગાહી ઉપર પણ મેઘરાજા દ્વારા પાણીઢોળ, જો કે હજુ અષાઢ, શ્રાવણ અને ભાદરવો ભરપુર રહેવાની આશા**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૫

ગુજરાતમાં ચાલુ વર્ષે ચોમાસાનું બે દિવસ વહેલું એટલે કે ગત ૧૩મી જૂને વિધિવત આગમન થઇ ગયું પણ બાદમાં અત્યાર સુધી હવામાન ખાતાની પ્રચંડ આગાહી પ્રમાણે ગાજ્યા મેઘ વરસ્યા નથી. પરિણામે વરસાદ ખેંચાવાથી પાક-પાણીનાં પ્રશ્ને રાજકોટ સહિતનાં ગુજરાતનાં તમામ જિલ્લાઓમાં ચિંતાનાં વાદળો ઘેરાવા લાગ્યા છે.

ગુજરાતમાં મુખ્યત્વે ૧૫મી જૂનથી ૧૫મી સપ્ટેમ્બર સુધી એટલે કે જેઠ, અષાઢ, શ્રાવણ અને ભાદરવો મહિનો ચોમાસું રહે છે જે ચાર મહિનામાં ૧૨૨ દિવસ પૈકી મહતમ ૭૦ દિવસ વરસાદ વરસતો હોય છે. ચાલુ વર્ષે ચોમાસું ચાલુ થયાને ૧૫ દિવસ થવા આવ્યા છે. પણ હજુ સરેરાશ માત્ર ૫૧.૪૭ મીમી એટલે કે બે ઇંચ જેવી જ મેઘમહેર વરસી છે. ગુજરાતનાં ૨૫૧ તાલુકાઓમાં હજુ ૧૧ તાલુકા સાવ વરસાદ વિહોણા છે. જેમાં સૌરાષ્ટ્રના દ્વારકા અને જોડિયા પણ સમાવિષ્ટ છે. જયારે ગુજરાતમાં ૧૪૫ તાલુકામાં હજુ ૦ થી ૫૦ મીમી તથા ૭૩ તાલુકામાં ૫૧ થી ૧૨૫ મીમી વરસાદ વરસ્યો છે.

ડિઝાસ્ટર કંટ્રોલરૂમના આંકડા પ્રમાણે રાજકોટ જિલ્લામાં અત્યાર સુધીમાં સરેરાશ ૩૬ મીમી એટલે કે દોઢ ઇંચ વરસાદ પડ્યો છે. જે ૫.૧૨ ટકા છે. જેમાં સૌથી વધુ પડધરીમાં ૮૦ મીમી સાથે ૧૪.૪૪ ટકા તથા સૌથી ઓછો લોધિકામાં માત્ર ૮ મીમી સાથે ૧.૧૦ ટકા જ વરસાદ નોંધાયો છે. ચોમાસાના ૧૩ દિવસ દરમ્યાન રાજકોટમાં ૬૧ મીમી એટલે કે ફક્ત અઢી ઇંચ વરસાદ જ ફલડ કંટ્રોલરૂમમાં નોંધાયો છે. જો કે, ફાયર બ્રિગેડના આંકડા પ્રમાણે રાજકોટ શહેરમાં દોઢસો ફૂટ રીંગરોડ પછીનાં નવા રાજકોટ ગણાતા વિસ્તારોમાં અત્યાર સુધીમાં ૧૪૫ મીમી એટલે કે, ૬ ઇંચ જેવો વરસાદ વરસી ગયો છે. જયારે બસ સ્ટેશન સહિતનાં સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં ૮૭ મીમી એટલે કે સાડા ત્રણ ઇંચ તો ઇસ્ટ ઝોન એટલે કે સામાકાંઠા વિસ્તારમાં માત્ર ૫૨ મીમી (બે ઇંચ) સુધીની જ મેઘમહેર થઇ છે.

સૌરાષ્ટ્રનાં અન્ય જિલ્લાઓમાં નજર કરીએ તો

### રાજકોટ જિલ્લામાં અત્યાર સુધીનો વરસાદ

| તાલુકો | મિલિ મીટર | ટકાવારી |
|---|---|---|
| રાજકોટ | ૬૧ | ૭.00% |
| ધોરાજી | ૧૯ | ૨.૫૪% |
| ગોંડલ | ૨૮ | ૩.૬૩% |
| જામકંડોરણા | ૪૭ | ૬.૯૫% |
| જસદણ | ૬૯ | ૧૧.૭૮% |
| જેતપુર | ૧૬ | ૨.૨0% |
| કોટડાસાંગાણી | ૧૯ | ૨.૫૩% |
| લોધિકા | ૮ | ૧.૧0% |
| પડધરી | ૮0 | ૧૪.૪૪% |
| ઉપલેટા | ૩૪ | ૪.૨૮% |
| વિંછીયા | ૧૭ | ૩.00% |
| સરેરાશ | ૩૬ | ૫.૧૨% |

### રાજકોટ શહેરમાં કયાંક બે તો કયાંક ૬ ઈંચ!

| ઝોન | મિલિ મીટર | ઈંચ |
|---|---|---|
| સેન્ટ્રલ ઝોન | ૮૭ મી.મી. | ૩.૫0 |
| ઈસ્ટ ઝોન | ૫૨ મી.મી. | ૨.00 |
| વેસ્ટ ઝોન | ૧૪૫ મી.મી. | ૬.00 |
| ફલડ કંટ્રોલ | ૬૧ મી.મી. | ૨.૫0 |

### ગુજરાતમાં ઝોન પ્રમાણે વરસાદ

| ઝોન | સરેરાશ | ટકાવારી |
|---|---|---|
| સૌરાષ્ટ્ર | ૫૬.૫૪ મી.મી. | ૭.૮૯ ટકા |
| કચ્છ | ૧૫.૨0 મી.મી. | ૩.૩૩ ટકા |
| ઉ.ગુજરાત | ૨૭.૧૬ મી.મી. | ૩.૭૭ ટકા |
| મ.ગુજરાત | ૩૭.૬૧ મી.મી. | ૪.૬૭ ટકા |
| દ.ગુજરાત | ૧૩.૧૫ મી.મી. | ૬.૫૬ ટકા |
| સરેરાશ | ૫૧.૪૭ મી.મી. | ૬.0૫ ટકા |

(અનુ.પાના નં.૪ ઉપર)

# હાઈ-વે પર આડેધડ ખડકાયેલા ધાબા અને હોટેલોની હવે ખેર નથી

**ગ્રાહકો માટે પાર્કિંગની વ્યવસ્થા ન હોય તો આવા તમામ ધાબા અને હોટલો દૂર કરવા નેશનલ હાઈ–વે ઓથોરીટી ઓફ ઇન્ડિયાની ચેતવણી**



**(એજન્સી સમાચાર)**
નવી દિલ્હી, તા.૨૫

દેશના તમામ રાજ્યોમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર આડેધડ ઉભા કરાયેલા ખાણી-પીણીનાં ધાબા અને હોટેલોની હવે આવી બનશે. નેશનલ હાઈ-વે ઓથોરીટી ઓફ ઇન્ડિયાએ ચેતવણી જાહેર કરી છે કે, જો આવા ધાબા અને હોટેલો આવનારા ગ્રાહકો માટે વાહનોનાં પાર્કિંગની વ્યવસ્થા ન ધરાવતા હોય તો અત્યંત કડક કાર્યવાહી કરી આવા ધાબા અને હોટેલો બંધ કરાવી દેવામાં આવશે.

હાઈ-વે ઓથોરીટીના પ્રોજેક્ટ ડાયરેક્ટર એન.એન.ગીરીએ માહિતી આપી હતી કે, અત્યારે યુપીમાં કેટલાક નેશનલ હાઈ-વે પર આવા ધાબા અને હોટલોને નોટીસ આપવામાં આવી રહી છે. દેશમાં સર્વે કરીને અન્યત્ર હાઈ-વે પર નડતરરૂપ હોટેલો અને ધાબાઓને પણ નોટીસ ફટકારવામાં આવશે. આ અંગે દેશવ્યાપી સર્વે શરૂ કરવામાં આવી રહ્યો છે. આવા ખાણી-પીણીનાં સ્થળો પર પાર્કિંગની અલગ જગ્યા છે કે કેમ, શિયાળામાં ધુમ્મસ દરમ્યાન લાઈટની પૂરી વ્યવસ્થા છે કે કેમ, આવા ધાબા કેટલા ટૂંકા અંતરે આવેલા છે અને પાર્કિંગની વ્યવસ્થા આપે છે કે કેમ એ તમામ બાબતોનું સર્વેક્ષણ શરૂ કરવામાં આવી રહ્યું છે. હાઈ-વે

(અનુ.પાના નં.૪ ઉપર)

## ગુરૂવારે હરામી નાળામાંથી ૯ પાકિસ્તાની બોટ ઝડપાઈ

# કચ્છમાં ફરી નાપાક ઘુસણખોરીનો પ્રયાસ નિષ્ફળ



**શુક્રવારે વહેલી સવારે બીએસએફના ગોળીબારમાં બે પાકિસ્તાની ઘુસણખોર ઘાયલ**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૫

કચ્છની સરહદ પર કઠીન ભૌગોલિક પરિસ્થિતિનો ગેરલાભ ઉઠાવીને ઘુસણખોરી કરવાના પ્રયાસો અવારનવાર થતા રહે છે. છેલ્લા ત્રણ દિવસ દરમ્યાન કચ્છનાં હરામી નાળા પાસે ફરી આવી બે ઘટનાઓ બની છે પણ સતર્ક બીએસએફ જવાનોએ પાકિસ્તાની ઘુસણખોરીનાં પ્રયાસો નિષ્ફળ બનાવ્યા છે. શુક્રવારે હરામી નાળા પાસે બીએસએફનાં જવાનોએ ઘુસણખોરો પર ગોળીબાર કર્યો હતો. જેમાં બે પાકિસ્તાની ઘુસણખોર ઘાયલ થયા હતા. બંનેની ધરપકડ કરી લેવામાં આવી છે.

છેલ્લા ત્રણ દિવસ દરમ્યાન કચ્છનાં ભૌગોલિક રીતે ખૂબ જ મુશ્કેલ ગણાતા હરામી નાળા વિસ્તારમાંથી ૯ જેટલી પાકિસ્તાની બોટ બીએસએફના જવાનોએ જપ્ત કરી લીધી છે. આ તમામ પાકિસ્તાની માછીમારી બોટ હોવાનું જાહેર થયું છે. બીએસએફની પેટ્રોલિંગ પાર્ટીને જોઇને પાકિસ્તાની માછીમારો બોટમાંથી કુદીને નાસી ગયા હતા અને પાકિસ્તાનની દરિયાઈ સરહદમાં ચાલ્યા ગયા હતા. ગઈકાલે જે બોટ પકડાઈ હતી તે ભારતીય ખાડી વિસ્તારમાં ૧૫ થી ૨૦ કિમી ઊંડે સુધી ઘુસી આવી હતી. તેમ બીએસએફના વર્તુળોએ જણાવ્યું હતું.

(અનુ.પાના નં.૪ ઉપર)

## મહારાષ્ટ્ર શિવસેનાનાં આંતરિક વિખવાદનો હિંસક વળાંક આવવાની શક્યતા

# પુણેમાં શિવસૈનિકો તોફાને ચડ્યાઃ બાગી ધારાસભ્યના કાર્યાલયમાં તોડફોડ



**બાગી ધારાસભ્યોનું પોલીસ રક્ષણ પાછું ખેંચાયું હોવાના અહેવાલો નકારતા ગૃહમંત્રી**

**આજે ફરી બંને પક્ષે બેઠકોનો ધમધમાટ, સાંજે આદિત્ય ઠાકરેનું મુંબઈમાં શક્તિ પ્રદર્શન, જાહેર સભાને સંબોધન કરશે**

**(એજન્સી સમાચાર)**
મુંબઈ, તા.૨૫

મહારાષ્ટ્રમાં શાસક શિવસેના પક્ષમાં ઉભા ફાડિયા પડ્યા બાદ બંને જૂથો વચ્ચેની આંતરિક ખેંચાખેંચી અને વિખવાદ હવે હિસક રૂપ લ્યે તેવી શક્યતાઓનાં ભણકારા વાગી રહ્યા છે. કેમકે પુણેમાં આજે તોફાને ચડેલા શિવસૈનિકોએ બાગી ધારાસભ્ય તાનાજી સાવંતનાં કાર્યાલયમાં ઘુસીને ભારે તોડફોડ કરી હતી. બાગીજૂથને ખુલ્લેઆમ એવી ધમકી આપવામાં આવી હતી કે, તમામ બાગી ધારાસભ્યોએ પરિણામોનો સામનો કરવો પડશે. એમના કાર્યાલયનાં પણ આવા હાલ થશે.

દરમ્યાન ૧૬ બાગી ધારાસભ્યોને ગેરલાયક ઠરાવવાની શિવસેનાની માંગણી સંદર્ભે ડે.સ્પીકર દ્વારા બાગી ધારાસભ્યોને નોટીસ ફટકારવામાં આવી છે. આવતીકાલે રવિવારે સાંજે પાંચ વાગ્યા સુધીમાં ખુલાસો કરવા અને જવાબ આપવા તાકીદ કરવામાં આવી છે. શિવસેનાનાં પણ આ ૧૬ બાગી ધારાસભ્યોને નોટીસ મોકલશે અને સોમવાર સુધીમાં જવાબ મોકલવાનો આદેશ અપાશે.

શિવસેનાએ આજે રાષ્ટ્રીય કારોબારીની બેઠક બોલાવી છે. મુખ્યમંત્રી ઉધ્ધવ ઠાકરે કારોબારીમાં હાજરી આપશે અને આગળની રણનીતિ નક્કી કરશે. બેઠકમાં કેટલાક ઠરાવ પણ પસાર થાય તેવી શક્યતા છે. દરમ્યાન શિવસેનાએ હવે મુંબઈમાં શક્તિ પ્રદર્શનનો નિર્ણય લીધો છે. મુખ્યમંત્રી ઉધ્ધવ ઠાકરેનાં પુત્ર અને કેબિનેટ મંત્રી આદિત્ય ઠાકરે સાંજે ૬:૩૦ વાગ્યે જાહેરસભાને સંબોધન કરશે. આ સભામાં જંગી સંખ્યામાં શિવસૈનિકો ઉમટી પડવાના હોવાથી સમગ્ર મુંબઈમાં લોખંડી સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

બાગી જૂથનાં નેતા એકનાથ શિંદે અને સભ્યોએ કોઈ ઉકેલ ન આવે ત્યાં સુધી ગુવાહાટીમાં જ રહેવાનો નિર્ણય કર્યો છે. શિંદેએ એવો આક્ષેપ કર્યો છે કે, મહારાષ્ટ્ર સરકારે મારા સહિત ૧૬ ધારાસભ્યોને અપાયેલી પોલીસ રક્ષણ પાછું ખેંચી લીધું છે. શિંદે અને ૧૬ સભ્યોએ મુખ્યમંત્રી ઉધ્ધવ ઠાકરે અને ગૃહમંત્રી દિલીપ વાલ્સે પાટીલને પત્ર લખી રક્ષણ પાછું લેવાનું પગલું રાજકીય કિન્નાખોરી સમાન ગણાવ્યું હતું અને ચેતવણી આપી હતી કે, જો અમારા પરિવારોને કશું થશે તો એ માટે મહાવિકાસ અઘાડી સરકાર જવાબદાર ગણાશે.

શિંદેનો આક્ષેપ ગૃહમંત્રીએ સ્પષ્ટપણે નકારી કાઢ્યો

(અનુ.પાના નં.૪ ઉપર)

# અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર તંત્ર સદંતર ઠપ્પ

**ઓપરેશનો અટકી પડતા ગંભીર દર્દીઓનાં જાન પર સર્જાતું જોખમઃ સતત ૧૧ માં દિવસે તબીબોની હડતાલ યથાવત રહેતા જબરો દેકારો**




**(એજન્સી સમાચાર)**
અમદાવાદ, તા.૨૫

છેલ્લા ૧૧- ૧૧ દિવસથી સિનિયર અને જુનિયર તબીબોની હડતાલ ચાલુ રહી હોવાથી અમદાવાદની સૌથી મોટી સિવિલ હોસ્પિટલમાં નિદાન અને સારવારનું સમગ્ર માળખું સદંતર ઠપ્પ થઇ જવા પામ્યું છે. ઓપરેશનો બંધ થઇ ગયા છે પરિણામે ગંભીર બિમારી ધરાવતા સેંકડો દર્દીઓનાં જાન પર જોખમ ઉભું થઇ ગયું છે. દર્દીઓનાં પરિવારજનોમાં જબરો રોષ અને ઉહાપોહ જોવા મળી રહ્યો છે. હજુ પણ તબીબો વધુ મોટા પાયે વિરોધ કરવાની તૈયારીઓ કરી રહ્યા છે. તેમ જાણવા મળે છે.

સિવિલ હોસ્પિટલમાં વિવિધ માંગણીઓ સર હડતાલ પર ઉતરેલા ૯૦૦ થી વધુ તબીબો સરકારને મચક આપતા નથી અને હડતાલ ચાલુ રાખી છે. પરિણામે એશિયાની સૌથી મોટી આવી હોસ્પિટલમાં આવતા દર્દીઓ માટે રઝળપાટ કરવા સિવાય બીજું કશું રહ્યું નથી. દવાઓ મળતી નથી, બિમારીનું નિદાન કરવાવાળું કોઈ નથી, ઓપરેશનો થઇ શકતા નથી, સમગ્ર નિદાન અને સારવાર પ્રક્રિયા ખોરંભાઈ ગઈ છે. ૧૧-૧૧ દિવસથી આ પરિસ્થિતિ છે અને અમદાવાદ મહાનગર તેમજ ગુજરાતભરમાંથી આવતા સેંકડો દર્દીઓ અને એમના પરિવારજનો જે પીડાદાયક દુર્દશામાંથી પસાર થઇ રહ્યા છે તેનું વર્ણન કરી શકાય તેમ નથી.

તબીબી વ્યવસ્થાએ પુરેપુરો માનવતાવાદી વ્યવસ્થા ગણાઇ છે. પરંતુ હડતાલ પર બેઠેલા

(અનુ.પાના નં.૪ ઉપર)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક



સૌરાષ્ટ્ર ક્રાંતી છેલ્લા છ વર્ષથી આપને અવનવા સમાચારોથી અપડેટ રાખે છે. નિષ્પક્ષ પત્રકારત્વની અલગ ઓળખ ઉભી કરવા કાયમ પ્રયત્નશીલ છે અમારા દ્વારા ડિજીટલ માધ્યમથી આપને સમાચારપત્ર પહોંચાડવામાં આવે છે. એક દિવસના એક રૂપિયાના અનુદાન દ્વારા આપ નિષ્પક્ષ પત્રકારત્વને જીવંત રાખી દેશની ચોથી જાગીર ને મજબુત બનાવવા નિમીત બનશો નીચે આપેલ લીંક પર ક્લીક કરીને સબસ્ક્રાઈબ કરો

http://www.saurashtrakranti.com/subscribe/

# સરકારી નોકરી અપાવવાના બહાને બે યુવતી પાસેથી લાખો પડાવ્યા

## માત્ર બે જગ્યા જ ખાલી છે ઘણા લોકો આવે છે તમે પહેલા ફોન કર્યો માટે તમને પહેલા ચાન્સ મળશે કહી છેતરપીંડી આચારી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ,તા.૨૫

રાજકોટમાં સરકારી નોકરી અપાવી દેવાના બહાને પૈસા પડાવવાનું કૌભાંડ બહાર આવ્યું છે.બે શિક્ષિત યુવતીને સરકારી નોકરી અપાવી દેવાનું કહી સરપદડના શખ્સે અલગ અલગ ખાતામાં રૂ.૧.૫૯ લાખ પડાવ્યા હોવાનું બહાર આવતા એ ડિવિઝન પોલીસે ફરિયાદ નોંધી આરોપીને દબોચી લીધો છે.આરોપી પકડાયા બાદ તેના રિમાન્ડ માટે કોર્ટમાં રજૂ કરવામાં આવશે.

બનાવની પ્રાપ્ત વિગતો અનુસાર,જસદણના સાણથલી ગામના વતની અને હાલ રાજકોટમાં કાશીવિશ્વનાથ પ્લોટમાં રહેતા દીવ્યાબેન પટેલ(ઉ.વ .૨૩)એ ફરિયાદમાં સરપદડના પ્રહલાદભાઈ હીરાલાલ ઝાલાનું નામ આપતા તેની સામે કલમ ૪૦૬,૪૨૦ હેઠળ કાર્યવાહી કરી હતી.દિવ્યાબેને ફરિયાદમાં જણાવ્યું હતું કે,હું મારા પરીવાર સાથે રહું છું અને સુપ્રાટેક લેબોરેટરીમા રીસેપ્શન તરીકે નોકરી કરુ છુ.મારી સહેલી લક્ષ્મીબેન મકવાણા મારફતે મારે પ્રહલાદભાઈ હીરાલાલ ઝાલાનો સંપર્ક થયો હતો.જેઓ એ અમોને વાત કરેલ કે હુ એક ભાઇને ઓળખું છું તે ગાંધીનગરમા મોટી લાગવગ ઘરાવે છે અને ગોલ્ડ મેડાલીસ માણસ છે.

જે તમારી નર્સિંગમાં સરકારી નોકરી કરાવી આપે તેમ છે.તેમ વાત કરતા અમારે તેના ઉપર વિશ્વાસ આવ્યો હતો અને કહેલ કે મે ઘણા લોકોને નોકરી કરાવી આપી છે. પરંતુ આ વાત ખાનગી હોય હું કોઇના નામ આપીશ નહીં.તેમ વાત કરતા અમારે આ પ્રહલાદ ઝાલા સાથે તા.૧૦/૦૧/૨૦૨૨ ના રોજ વાત શરૂ થયેલ છેલ્લે આ પ્રહલાદ ઝાલાએ મને કહેલ કે છેલ્લી બે જગ્યા ખાલી છે તમારે ગોઠવવુ હોય તો બોલો નહીતર બીજાને આપવાની થાય છે.ઘણા લોકો મારી પાસે આવે છે.પરંતુ તમોએ પહેલા વાત કરેલ છે.

જેથી પહેલો ચાન્સ તમારો છે.તેમ જણાવતા અમોએ આ માણસ ખોટુ બોલતા નહીં હોય તેમ વિશ્વાસ અને ભરોશો આવતા તેમજ પ્રહલાદ ભાઇએ કહેલ કે તમારી સો ટકા નોકરી થઇ જશે નહીતર પુરા પૈસા પાછા આપી દઇશ અને તમારૂ પૈસા રોકડા આપવાના નથી ખાતામા ઓનલાઇન જમા કરાવાના છે.તેવી વાત કરી પુરો વિશ્વાસ અને ભરોશો આપ્યો હતો.

ત્યારબાદ પ્રથમ મારા તથા મારી સહેલી નીધીબેન એમ બન્નેના રૂ.૧૧,૦૦૦ લેખે રૂ.૨૨,૦૦૦ મારા ગુગલ પે દ્વારા અજય બોખાણી નામના એકાઉન્ટમાં પ્રહલાદભાઇ ના કહેવા મુજબ ટ્રાન્સફર તા.૧૭/૧/૨૦૨૨ ના રોજ કરેલ હતા.બાદ અલગ અલગ બહાના હેઠળ કુલ રૂ.૧,૫૯,૦૨૦ ટ્રાન્સફર કરાવી લીધા હતા.જે તમામ ટ્રાન્જેકશન તા.૧૦/૧/૨૦૨૨ થી ૮/૩/૨૦૨૨ સુધી કરેલ હતા.

ત્યાર બાદ અમોને નોકરી નહી મળતા આ પ્રહલાદભાઇ નો કોન્ટેકક રતા તેઓએ કહેલ કે તમારૂ થયેલ નથી છત્રીસ દિવસમાં પૈસા પરત આવશે આમ બહાના ઉપર બહાના કરતા હોય અને હવે જણાવતા હોય કે મારી પાસે પૈસા વપરાય ગયેલ છે.થાસે ત્યારે આપીસ તેમ જણાવી અમોને ખોટુ વચન અને

**આરોપીને પોલીસે રાતોરાત દબોચી પૂછપરછ આદરી**

વિશ્વાસ આપી અમારી પાસેથી રૂ.૧,૫૯,૦૨૦ લઇ લેતા એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. આ બનાવ અંગે એ ડિવિઝનના પીઆઇ સી.જી.જોશી અને સ્ટાફે આરોપી પ્રહલાદ ઝાલાની ધરપકડ કરી તેણે કેટલા લોકોને છેતર્યા છે એ અંગે રિમાન્ડ માટે કોર્ટમાં રજૂ કરવામાં આવશે.

### મ્યુનિ. કોર્પોરેશનની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા

# રાજકોટની ૨૯ શાળામાં પ્રવેશોત્સવની ઉજવણી



## બીજા દિવસે ધો.૧માં ૧૧૩૭ અને આંગણવાડીમાં ૯૩૬ બાળકોને પ્રવેશ અપાયો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૫

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ આયોજીત કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવના ત્રિ-દિવસીય કાર્યક્રમના બીજા દિવસે રૂટ નં. ૧ થી ૭માં શહેરની વિવિધ શાળાઓ જેવી કે શાળા નં. ૧૩, ૧૪, ૭૮, ૯૬, ૯૮, ૪૪, ૨૬, ૪૦, ૮૭, કે.કે.કોટિચા, નારાયણનગર કુમાર શાળા, કોઠારિયા સ્ટેશન શાળા, ૩૩, ૧૭, ૬૮, ૮, ૫૮, ૬૧, ૪૯બી, ૫૨, ૬૩, તિરૂપતી શાળા, કોઠારિયા તાલુકા શાળા, ગુલાબનગર શાળા, નારાયણનગર કન્યા શાળા, ૭૭, ૪૬, ૮૯બી અને ૭૧ એમ કુલ + ૨૯ શાળાઓમાં આનંદ ઉલ્લાસ અને ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ધો. ૧, ના ૫૧૫ કુમાર અને ૬૨૨ કન્યાઓ મળી કુલ ૧૧૩૭ બાળકોને શાળા પ્રવેશ કરાવવામાં આવ્યો. આંગણવાડીમાં ૪૭૪ કુમાર અને ૪૬૨ કન્યાઓ મળી કુલ ૯૩૬ બાળકોને પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની બે શાળાઓમાં (શાળા નં. ૭૮ અને ૯૮) સમગ્ર શિક્ષા અંતર્ગત વિદ્યાર્થીઓ માટે ચાલતી ટ્રાન્સપોર્ટેશન સુવિધાને લીલી ઝંડી બતાવીને મહાનુભાવો દ્વારા પ્રસ્થાન કરાવવામા આવ્યું હતું. દાતાઓ દ્વારા શાળાઓને વિદ્યાર્થીઓ માટે ભેટ સ્વરૂપે રોકડમાં ૪૫૦૦ રૂ. અને વસ્તુ સ્વરૂપે ૩,૫૮,૫૦૦ રૂ. એમ કુલ મળીને ૩,૬૩,૦૦૦ રૂ. નો લોક સહયોગ પ્રાપ્ત થયો હતો.

# રાજકોટ જિલ્લા પંચાયત ખાતે સોમવારે ત્રીજો લોકદરબાર

## પદાધિકારીઓ દ્વારા ગ્રામજનોની વિવિધ રજૂઆતો અને પ્રશ્નો સાંભળવામાં આવશે અને આ પ્રશ્નોનો ત્વરિત નિકાલ થાય તે માટે સંબંધિત તંત્રને ત્વરિત કામગીરી કરવાની સુચના આપવામાં આવશેઃ ભૂપત બોદર



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૫

રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખ ભૂપતભાઈ બોદરની યાદીમાં જણાવાયું છે કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી રાષ્ટ્રવાદી વિચારધારા અને વિકાસની રાજનીતિથી દેશને પ્રતિભાવંત નેતૃત્વ પૂરું પાડયું છે ત્યારે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં અને પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી. આર પાટીલના માર્ગદર્શનમાં રાજયની ભાજપ સરકારે સફળ, સક્ષમ અને સાર્થક નેતૃત્વ પૂરૂં પાડી વિકાસની ધારાને જન સુધી પહોંચાડવા અને જન કલ્યાણના ધ્યેયને પ્રત્યેક પળે ઉજાગર કરવા કટિબદ્ધ છે ત્યારે ભારતીય જનતા પાર્ટી શાસિત રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખ ભૂપતભાઈ બોદર, ઉપપ્રમુખ સવિતાબેન નાથાભાઈ વાસાણી, કારોબારી ચેરમેન સહદેવસિંહ જાડેજા,શાસકપક્ષ નેતા વિરલભાઈ પનારા, દંડક અલ્પાબેન મુકેશભાઈ તોગડિયા,તથા સમિતિના ચેરમેનઓ તથા સદસ્યઓ દ્વારા તા.૨૭ ના સોમવારે સવારે ૧૧ થી ૧૨ રાજકોટ જિલ્લા પંચાયત ખાતે જિલ્લાના સરપંચઓ,આગેવાનો તથા ગ્રામજનો પોતાના વિવિધ પ્રશ્નોની રજૂઆતો કરી શકે તે માટે લોકદરબાર યોજવામાં આવશે.

આ લોક દરબારમાં રાજકોટ જિલ્લા પંચાયતના પદાધિકારીઓ દ્વારા ગ્રામજનોની વિવિધ રજૂઆતો અને પ્રશ્નો સાંભળવામાં આવશે અને આ પ્રશ્નોનો ત્વરિત નિકાલ થાય તે માટે સંબંધિત તંત્રને ત્વરિત કામગીરી કરવાની સુચના આપવામાં આવશે એમ અંતમાં ભૂપતભાઈ બોદરની યાદીમાં જણાવાયું છે.

### ૧લી એપ્રિલથી ૨૪મી જૂન દરમિયાન

# મહાપાલિકાને આવાસના હપ્તા પેટે રૂા.૩૪ કરોડની આવક

## ગઈકાલે શુક્રવારે એક જ દિવસમાં લાભાર્થીઓએ આવાસના હપ્તા પેટે અધધ રૂા.૧.૩૫ કરોડ ભર્યા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, ત.૨૫

રાજકોટ મહાપાલિકાને અલગ-અલગ આવાસ યોજનામાં લાભાર્થીઓ પાસેથી આવાસના હપ્તા પેટે તા.૧/૪/૨૦૨૨ થી તા.૨૪/૬/૨૦૨૨ સુધીમાં રૂ.૩૪,૫૧,૭૪,૬૩૯ ની આવક થઈ છે. જેમાં ગઈકાલે તા.૨૪ ના રોજ એક જ દિવસમાં ૧,૩૫ કરોડની રેકોર્ડ બ્રેક આવક થઈ હતી.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અલગ-અલગ યોજનાઓ અંતર્ગત આજ સુધીમાં ૩૧,૦૦૦ થી વધારે આવાસ બનાવીને લાભાર્થીઓને ફાળવવામાં આવ્યા છે. જેમાં પ્રધાનમંત્રી આવાસ યોજના, સ્માર્ટ ઘર, મુખ્યમંત્રી આવાસ યોજના, BSUP - ૧,૨,૩, રાજીવ આવાસ યોજના, ગુરૂજીનગર, ધરમનગર, ૩૦૧૨, હુડકો, વામ્બે અને સફાઈ કામદાર આવાસ યોજનાઓનો સમાવેશ થાય છે.

આવાસ યોજના વિભાગ દ્વારા તા.૧/૪ થી તા.૨૪ સુધીમાં રૂ.૩૪,૫૧,૭૪,૬૩૯ ની આવક આવાસના હપ્તા પેટે કરવામાં આવી છે. જયારે તા.૧/૬ થી તા.૧૫ સુધીમાં રૂ.૧૩,૨૦,૬૧,૫૫૮ ની આવક આવાસના હપ્તા પેટે કરવામાં આવી છે.

તા.૨૪ના રોજ એક જ દિવસમાં ૧,૩૫,૬૦,૨૬૦ ની આવક આવાસના હપ્તા પેટે થઈ છે. જે આજ દિન સુધીમાં બીજા નંબરની એક જ દિવસની મહતમ આવક છે.

અગાઉ તા.૯/૭/૨૦૨૧ ના રોજ ૧,૩૭,૭૭,૯૩૫ (એક કરોડ સાડત્રીસ લાખ સત્યોતેર હજાર નવસો પાંત્રીસ પુરા)ની આવક થયેલ હતી.

### ૨૦૦ ગૌમાતાની થતી સેવા-ચાકરીને બીરદાવી

# ક્રિષ્ના ગૌધામની મુલાકાત લેતા કલેકટર અરૂણ મહેશ બાબુ



## ગૌસેવક-વાંક પરિવારની લાડકી ઘોડી 'મોરલી' ના કલેકટરે ભરપુર વખાણ કર્યા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૫

ગૌસેવક શ્રી બાબબાપુ વાંક પરિવાર સંચાલિત શ્રી ક્રિષ્ના ગૌધામ ખાતે રાજકોટ જિલ્લા કલેકટર અરૂણ મહેશ બાબુએ મુલાકાતે આવીને ૨૦૦ જેટલી ગૌમાતાની થતી સેવા-ચાકરી નીહાળી હતી અને સેવાકાર્યને ખૂબ બીરદાવ્યું હતું. હિન્દુ ધર્મમાં ગૌવંશનો મહિમા અપરંપાર છે. ૩૩ કરોડ દેવતાઓનો જેમા વાસ છે. જેના ગૌમૂત્રથી અનેક રોગ નાબૂદ થઈ જાય છે. જેના ગોબરનો આજે પણ યજ્ઞમાં ઉપયોગ થાય છે. એવી નાની-મોટી ૨૦૦ જેટલી ગાયોનો શ્રી ક્રિષ્ના ગૌધામ ખાતે વાંક-પરિવાર દ્વારા નિઃસ્વાર્થ ભાવના સાથે નિભાવ કરવામાં આવી રહ્યો છે. અહીં કલેકટર અરૂણ મહેશ બાબુ પધારતા વિજયભાઈ વાંક અને વિક્રમભાઈ વાંક દ્વારા ફૂલહાર કરવા સાથે શાલ ઓઢાળીને સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું. તેમણે વાંક પરિવાર દ્વારા થતી ગૌસેવાને બીરદાવી હતી. આ સાથે શ્રી ક્રિષ્ના ગૌધામની શાન એવી વાંક પરિવારની લાડકી ઘોડી 'મોરલી' ને જોઈને કલેકટરે ભરપુર વખાણ કર્યા હતા અને આગામી દિવસોમાં ફરી વખત અહીં આવીને અશ્વસવારી કરવાની પણ ઈચ્છા વ્યકત કરી હતી.

# રાજકોટ મનપાની આંગણવાડી ખાતે શાળા પ્રવેશોત્સવની ઉજવણી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૫

તા.૨૩ થી ૨૫ ના રોજ શાળા પ્રવેશોત્સવની સાથે સાથે આંગણવાડીમાં પ્રવેશતા બાળકો જેના ત્રણ વર્ષ પૂર્ણ થયેલ છે તેવા બાળકોનો આંગણવાડીમાં પ્રવેશ આપવામાં આવ્યો છે અને આંગણવાડી પ્રવેશોત્સવ કરવામાં આવ્યો છે. આંગણવાડીને



રંગોળી અને ફુગ્ગા લગાવીને સુશોભિત કરાઈ તેમજ બાળકોના કંકુપગલા તથા તિલક કરીને તેમનું સ્વાગત કરવામાં આવ્યું અને બાળપોટલીનું વિતરણ કરવામાં આવ્યું છે. જેમાં રમતગમત ભાગ ૧, મારી વિકાસયાત્રા પણ ઉમેરેલ છે. મનપા ઈસ્ટ ઝોન, ઘટક૧માં આવેલ વિવિધ સરકારી પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ આયોજન કરવામાં આવ્યું. (૧૩)

# ૧૩૧ જરૂરિયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે નેત્ર સારવાર અપાઈ



**(નટવરલાલ ભાતિયા દ્વારા)**

ભાવનગર, તા.૨૫

તા. ૨૪ જુને શિશુવિહાર સંસ્થામાં નેત્રયજ્ઞ યોજાયો હતો. ગુજરાત અંધત્વ નિવારણ સોસાયટી તથા શિવાનંદ આઈ હોસ્પિટલના સહયોગથી યોજાયેલ પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં ૧૩૧ દર્દીઓની આંખ તપાસ ડો. મહાજનની ટીમ દ્વારા કરવામાં આવી.

જે તમામને શિશુવિહાર પરિસરમાં ડો.મીનાક્ષીબહેન ભરતભાઈ ગરીવાલા ભોજનાલયમાં સવારે ચા-નાસ્તો તથા બપોરે ભોજન બાદ જરૂરિયાતમંદ ૩૦ દર્દીઓને કેટ્રેક સર્જરી માટે તેમજ દર્દીઓના બસમાં વિરનગર લઈ જવામાં આવ્યા. દર્દી દેવોભવની ભાવનાથી વર્ષ ૧૯૬૮ થી ચાલતા પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં શિશુવિહાર સંસ્થાના તમામ કાર્યકરોએ સેવા આપી હતી. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩)

# બાંટવાની સરકારી પે.સેન્ટર શાળામાં ધૂમધામથી શાળા પ્રવેશોત્સવ ઉજવાયો

**(જીજ્ઞેશ પટેલ દ્વારા)**

માણાવદર, તા.૨૫

બાંટવાની સરકારી પે. સેન્ટર શાળામાં આ વર્ષે ધોરણ ૧ માં ૨૬ સહિત કુલ ૩૫ વિદ્યાર્થીઓનું નામાંકન કરાયું હતું. કાર્યક્રમમાં નવા પ્રવેશ લેનાર ભૂલકાઓને બાંટવા નગરપાલિકા દ્વારા શૈક્ષણિક કીટ અર્પણ કરવામાં આવી હતી. તેમજ શાળા દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરાયું હતું.

આ તકે બાંટવા શહેરના



પ્રતિષ્ઠિત નાગરિકો સુનિલભાઈ જેઠવાણી, રાજુભાઇ વાઘવાણી, જીવાભાઇ કોડિયાતર તથા નગર પાલિકાની સમગ્ર ટીમ અને સરકારી હાઇસ્કૂલના આચાર્ય સુવા તેમજ મોટી સંખ્યાંમાં વાલીઓ હાજર રહ્યા હતા.(૧૩)

# માણાવદરઃ કન્યા કેળવણી મહોત્સવ તથા શાળા પ્રવેશોત્સવ ઉજવાયો

**(ગિરીશ પટેલ દ્વારા)**

માણાવદર, તા.૨૫

માણાવદર તા.પં. સેન્ટર-૨ માં કન્યા કેળવણી મહોત્સવ તથા શાળા પ્રવેશોત્સવ ઉજવાયો હતો. જેમાં ધો.૧ માં ૩૦ બાળકોનો વિધિવત પ્રવેશોત્સવ ખૂબ જ ઉત્સાહભેર ઉજવવામાં આવ્યો. બાળકોને સ્કૂલબેગ નોટબૂકસ, કીટ દાતાઓ તરફથી ભેટ આપી હતી. ધો.૧ થી ૮ માં પ્રથમ, દ્વિતિય તૃતીય ક્રમ મેળવનાર વિદ્યાર્થીઓનું મહેમાનોના હસ્તે સન્માન કરાયું. તેમજ વિદ્યાર્થીઓ દ્વારા આઝાદા કા અમૃત, મહોત્સવ બેટી બચાવો તેમજ વૃક્ષારોપણ વિષટ પર વ્યકતવ્ય અપાયું હતું. શાળા પરિવાર દ્વારા સન્માન કરાયું તમામ મહામાનોનું પુસ્તક દ્વારા સન્માન કરાયું. અંતે ટ્રાન્સપોર્ટેશન સુવિધા વૃક્ષારોપણ SOE શાળાઓને મળેલ વર્ગખંડનું ખાતમુહૂર્ત કરાયું. વિવિધ દાતાઓ તરફથી સહયોગ મળ્યો હતો. આ કાર્યક્રમમાં શહેરના આગેવાનો નાગરિકો ઉપસ્થિત રહેલા. તેમ યાદીમાં જણાવ્યું છે. (૧૩)

(અનુ. પાના નં.૩નુ ચાલુ)

## અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર તંત્ર સદંતર ઠપ્પ

તબીબો એમના પોતાના નીજી પ્રશ્નો પર ધ્યાન આપીને દર્દીઓ પ્રતિ કોઈ માનવતા કે દયા દાખવવા તૈયાર નથી. જેના કારણે દર્દીઓ અને પરિવારજનોમાં ભારે ઉહાપોહ મચી ગયો છે અને રોષનો જ્વાળામુખી ફાટી પડ્યો છે. સરકારે બે દિવસ પહેલા જાહેરાત કરી હતી કે, મેડીકલ કામગીરી ચાલુ રાખવા બહારથી તબીબો લાવવામાં આવશે. ઓપરેશન ફરી શરૂ કરી શકાય એ માટે બહારથી ૧૫ એનેસ્થીસીયા ડોકટરો પણ બોલવવામાં આવશે. પરંતુ આ જાહેરાત પછી પણ અહીં બહારનાં કોઈ તબીબોનાં દર્શન થયા નથી. ઓપરેશન હજુ પણ ઠપ્પ છે. આવી પરિસ્થિતિમાં ગરીબ અને ઓછી આવક ધરાવતા દર્દીઓનાં પરિવારોને ક્યાં જવું તેવો પહાડ જેવો પ્રશ્ન ઉભો થઇ ગયો છે. ખાનગી હોસ્પિટલોમાં મોંઘાભાવની સારવાર કરાવી શકે તેમ નથી. ત્યારે સિવિલમાં બધું ઠપ્પ છે. પરિણામે ગરીબ અને નીચલા મધ્યમ વર્ગનાં પરિવારોની હાલત દયાજનક બની ગઈ છે.(૨.૧૨)

## કચ્છમાં ફરી નાપાક ઘુસણખોરીનો પ્રયાસ નિષ્ફળ

આ વિસ્તારમાં અવારનવાર પાકિસ્તાની માછીમારો માછલી પકડવા ભારતીય સરહદની અંદર આવી જતા હોય છે. બીએસએફનાં અધિકારીઓએ જણાવ્યું હતું કે, કચ્છનાં આ વિસ્તારમાં અને હરામી નાળાની આસપાસ ભારતીય માછીમારોને પણ માછીમારી કરવાની મનાઈ છે. પણ માછલીનાં મોટા જથ્થાની લાલચમાં પાકિસ્તાની માછીમારો ઊંડે સુધી ઘુસી આવે છે. જયારે બીએસએફની ટુકડી આવી પહોંચે તો માછીમારો બોટ છોડીને પાકિસ્તાનની સરહદમાં પાછા ઘુસી જાય છે. ગઈકાલે ત્રણ પાકિસ્તાની આવી રીતે છટકી ગયા હતા પણ આવા બે બીજા પાકિસ્તાની ઘુસણખોરો બીએસએફનાં ગોળીબારને કારણે પકડાઈ ગયા છે. બંને પાકિસ્તાનીને ગોળીબારમાં ઈજા થઇ છે. બંનેને ભુજ ઇન્ટ્રોગેશન સેન્ટર લાવીને વધુ ઊંડી પૂછપરછ કરવામાં આવશે. પકડાયેલી બોટનું સઘન ચેકિંગ કરવામાં આવ્યું છે પણ એ બધી બોટમાંથી કોઈ શંકાસ્પદ ચીજ-વસ્તુઓ મળી નથી.(૨.૧૨)

## પુણેમાં શિવસૈનિકો તોફાને ચડ્યાઃ બાગી ધારાસભ્યનાં કાર્યાલયમાં તોડફોડ

છે. ગૃહમંત્રી પાટીલે સ્પષ્ટતા કરી હતી કે, મેં કે મુખ્યમંત્રીએ આવો કોઈ આદેશ આપ્યો નથી. કોઈ ધારાસભ્યનું સુરક્ષાચક્ર પાછું ખેંચાયું નથી. શિંદે જૂથનાં આક્ષેપો ખોટા અને ઉશ્કેરણી ફેલાવનારા છે. શિવસેનાનાં સાંસદ સંજય રાઉતે જણાવ્યું હતું કે, પક્ષ મોટો હોય છે તમે કોઈ પક્ષને નાણાથી ખરીદી શકતા નથી. આ પ્રકારે કોઈ પાર્ટીને હાઈજેક કરી શકાતી નથી. અમે લોહી પરસેવો વહાવીને શિવસેના બનાવી છે. અનેક લોકોએ બલિદાનો આપ્યા છે. પૈસાથી કોઈ પક્ષને તોડી નહીં શકે. શરદ પવારની પાર્ટી એનસીપીએ એવો સીધો સવાલ કર્યો છે કે, સુરત અને ગુવાહાટીમાં બાગી ધારાસભ્યોનો ખર્ચ કોણ ઉઠાવી રહ્યું છે? ઇન્કમટેક્ષ વિભાગ અને ઇડીએ કાળા નાણાનાં સ્ત્રોતની તપાસ કરવી જોઈએ. એક ધારાસભ્ય માટેનો સોદાબાજીનો આંકડો રૂ.૫૦ કરોડ છે એવું બોલાઈ રહ્યું છે એટલે કાળાનાણાની તુરંત તપાસ થવી જોઈએ. ગુવાહાટીમાં આજે એકનાથ શિંદેએ પણ ખાસ બેઠક બોલાવી છે જેમાં આગળની રણનીતિ નક્કી કરાશે. ઉધ્ધવ ઠાકરે મુંબઈમાં બેઠક યોજી છે. તો ભાજપનાં નેતા દેવેન્દ્ર ફડણવીસ દિલ્હીનાં ચક્કર કાપી રહ્યા છે.(૨.૧૨)

## હાઈ-વે પર આડેધડ ખડકાયેલા ધાબા અને હોટેલોની હવે ખેર નથી

પર જીવલેણ અકસ્માતો અટકાવવા માટે સર્વે હાથ ધરવામાં આવી રહ્યો છે. યુપીથી આ કામગીરીનો પ્રારંભ કરવામાં આવી રહ્યો છે. હાઈ-વે ઓથોરીટીનાં જણાવ્યા મુજબ હાઈ-વે પર આડેધડ પાર્ક કરાતા વાહનોને કારણે મોટાભાગનાં ગંભીર અકસ્માતો થઇ રહ્યા છે. ઘણા ખેડૂતો એમના ખેતરઈ થોડી જમીન ધાબા અને હોટલો માટે ભાડે આપી દયે છે એટલે વાહનો હાઈ-વે પર ખડકાઈ છે. હવે આવું ચલાવી લેવામાં નહીં આવે.(૨.૧૨)

## સૌરાષ્ટ્રમાં મેઘરાજાનું આગમન વિલંબમાં મુકાતા ખેડૂતો ચિંતાતુર

મોરબી જિલ્લામાં અત્યાર સુધીમાં ૨.૯૭ ટકા, સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૦.૯૧ ટકા, જામનગર જિલ્લામાં ૬.૧૨ ટકા, દ્વારકા જિલ્લામાં ૩.૨૨ ટકા, પોરબંદર જિલ્લામાં ૮.૮૬ ટકા, જૂનાગઢ જિલ્લામાં ૯.૯૦ ટકા, સોમનાથ જિલ્લામાં ૮.૪૬ ટકા, અમરેલી જિલ્લામાં ૧૧.૪૨ ટકા, ભાવનગર જિલ્લામાં ૬.૨૮ ટકા અને બોટાદ જિલ્લામાં ૭.૨૨ ટકા વરસાદ નોંધાયો છે.(૫.૧૨)

(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

## રાજકોટમાં અને સૌરાષ્ટ્રમાં વિદ્યાર્થીઓને શિકંજામાં લેવાના ગુનાખોર ટોળકીઓનાં પ્રયાસો ગંભીર

રવાડે ચડાવી દેવા માટે શાળા- કોલેજોની આસપાસ ભમરાતા રહેતા ડ્રગ પેડલરોથી વિદ્યાર્થીઓનાં જીવન પર અને એમની કારકિર્દી પર ખતરો ઝળુંબી રહ્યો છે. આ વિષમ પરિસ્થિતિમાં હવે નવું ખતરનાક પરિમાણ ઉમેરાયું છે. આ દુષણ વધુ ફૂલેફાલે અને વધુ માસુમ વિદ્યાર્થીઓ કોઈ લોભ-લાલચમાં લપેટાઈને વધુ મોટી સંખ્યામાં અપરાધની દુનિયામાં જાણ્યે- અજાણ્યે ધકેલાઈ જાય એ પહેલા પોલીસે ખૂબ જ વૈજ્ઞાનિક ઢબે અને સિફત પૂર્વક તાત્કાલિક ઓપરેશન હાથ ધરવું પડશે. આવા વિદ્યાથીઓ રીઢા હોતા નથી. પણ યેનકેન પ્રકારે યા કોઈ મજબૂરી કે દબાણને વશ થઇ અપરાધી ટોળકીઓની ચુંગાલમાં ફસાઈ જતા હોય એવું દેખાઈ રહ્યું છે. એટલે પોલીસે આવા વર્ગને ગુનાખોરોથી બચાવવા માટે બાતમીદારો કામે લગાડી સાઈન્ટીફીક ઢબે આવા ફાસ્ટટાઈમ ગુનેગારોને શોધી કાઢવાની કવાયત કરવી પડશે જેથી કરીને તેઓ પકડાઈ જાય પછી સમજાવટથી અને ગુનાખોરીનાં માર્ગનાં ગંભીર પરિણામોથી વાકેફ કરીને આવા નવાસવા ગુનેગારોને ગુનાખોરીનાં માર્ગેથી પાછા વાળી શકાય. પોલીસ તંત્રને આ દિશામાં ટોચનાં કાબેલ પોલીસ અધિકારીઓ દિશા સૂચન અને માર્ગદર્શન આપીને કામે લગાડી યુવા પેઢીને ઉગારે એ ખૂબ જ જરૂરી બની ગયું છે.(૨.૧૨)

## ઈ-મેમો અંગે સર્જાયેલા વિવાદ અને લોકપ્રશ્નો અંગે ગોવિંદ પટેલ દ્વારા ગૃહમંત્રીને સીધી રજૂઆત

જાય છે. ટ્રાફિક સમસ્યા દિન-પ્રતિદિન ગંભીર બનતી જાય છે એટલે પોલીસ પણ વૈજ્ઞાનિક અને આધુનિક ધોરણે આ સમસ્યાનો હલ શોધી કાઢે એ જરૂરી છે. અત્યારે ટ્રાફિક નિયમન માટે દરેક પોલીસ ફોર્સ પાસે આધુનિક ટેકનોલોજી ધરાવતા સાધનો ઉપલબ્ધ હોય જ છે. વખતોવખત ટ્રાફિક સપ્તાહ યોજીને લોકોને ટ્રાફિકને લગતા નિયમો અને ત્રીજી આંખ જેવા કેમેરા વિશે માહિતગાર કરવાના કાર્યક્રમો યોજાઈ એ જરૂરી છે. લોકોને જાણકારી જેટલી વધશે એટલો ટ્રાફિક નિયમન ભંગનું પ્રમાણ પણ ઘટતું જશે. એટલે પોલીસની પણ કામગીરી વધુ આસાન થતી રહેશે. ઘણી વખત વાહન ચાલકોને ટ્રાફિક સિગ્નલ પાસે પટાની અંદર ઉભા રહેવાનું પણ ધ્યાન હોતું નથી. વન-વેનો ખ્યાલ રહેતો નથી કેમકે ઘણા સ્થળે મુખ્ય અને આંતરિક માર્ગો વન-વે જાહેર થયા હોય તો ત્યાં નિયમ મુજબ વન-વે નું દિશાસૂચન કરતા પાટીયા મુકાતા નથી. આવા તો ઘણા બધા પ્રશ્નો છે જો બંને પક્ષે સંયમ રાખવામાં આવે તો ભવિષ્યમાં કોઈ સમસ્યા ઉભી થશે નહીં. ધારાસભ્ય એ લોકોની સમસ્યા ઉજાગર કરી છે તેને શહેરમાં વ્યાપક આવકાર મળી રહ્યો છે.(૨.૧૨)

## સિંગતેલ અને કપાસિયા તેલનાં ભાવમાં એક દિવસમાં રૂ.૧૦૦ નો ઘટાડો

ભાવ ઘટી રહ્યા છે. શુક્રવારે સિંગતેલનાં ડબ્બાનો ભાવ રૂ.૨૬૭૫, કપાસિયા તેલનો રૂ.૨૪૬૦, સરસવ તેલનો રૂ.૨૪૦૦, સનફ્લાવરનો રૂ.૨૫૮૦, પામોલીનનો રૂ.૨૦૧૦, કોર્ન ઓઈલનો રૂ.૨૨૫૦, વનસ્પતિ ઘીનાં ડબ્બાનો રૂ.૨૪૧૦, કોપરેલ તેલ રૂ.૨૫૧૦ અને દીવેલનો ભાવ રૂ.૨૪૭૦ નોંધાયો હતો. ભાવસપાટી એકદમ તૂટી જતા સંગ્રહખોરો એકદમ મુંજાઈ ગયા છે અને સંગ્રહ કરેલો માલ વેચવા કાઢ્યો છે.(૨.૧૨)

## ગુજરાતનાં વિખ્યાત કાપડ અને કોટન ઉદ્યોગનું તંગ દોર પર નર્તન

ત્રણેય મુખ્ય પક્ષો ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીનાં નેતાઓ ટેક્સટાઈલ ઉદ્યોગની પરિસ્થિતિ પર ઝીણવટભરી નજર રાખી રહ્યા છે. ભાજપનાં એક સિનીયર નેતાએ જણાવ્યું હતું કે, કેન્દ્ર કપાસનાં ખેડૂતો અને કાપડ ઉદ્યોગ માટે નવી લાભદાયી યોજનાઓ જાહેર કરશે તેવી આશા છે. આજ રીતે એક સિનીયર કોંગ્રેસી નેતાએ જણાવ્યું હતું કે, જો કોંગ્રેસ સતા પર આવી તો અમે આ ઉદ્યોગ માટે તંદુરસ્ત વાતાવરણ ઉભું કરશું. આપ નાં નેતાએ કહ્યું હતું કે, અમે ખેડૂતો અને ઉદ્યોગો માટે વૈકલ્પિક મોડેલ લઈને જનતા સમક્ષ જવાના છીએ. કપાસ ઉત્પાદન અને કાપડ ઉદ્યોગમાં મોટાભાગે પાટીદાર સમાજ સંકળાયેલો છે. એટલે ઉદ્યોગની અને ખેતીની અવદશાએ કારણે સરકાર સામે રોષની લાગણી જોવા મળી રહી છે. આવનારી ચૂંટણીઓમાં ફરીથી આ મુદ્દો મોટાપાયે ચગે તેવી શક્યતા છે. કોંગ્રેસે ૨૦૧૭ ની ચૂંટણીઓમાં આ મુદ્દા ઉભા કરીને જ ૧૬ વધુ બેઠકો મેળવી હતી. હવે રાજ્યમાં ત્રીજો પક્ષ એટલે કે આપ નો ઉદય થયો છે. આપ ની નેતાગીરી પણ ખેડૂતો અને ટેક્સટાઈલ ઉદ્યોગની સમસ્યાઓને ચૂંટણીનો મુદ્દા બનાવે તેવી શક્યતા છે. રાજકોટમાં રહેતા કપાસ ઉત્પાદક પ્રફુલ ખંધેરીયા જણાવે છે કે, છેલ્લી બે પેઢીથી અમારો પરિવાર કપાસનું ઉત્પાદન કરે છે. પણ છેલ્લા કેટલાક સમયથી ગુલાબી ઈયળનાં પ્રકોપને કારણે ખેડૂતનું જીવન દુષ્કર બની ગયું છે.

# તંત્રી સ્થાનેથી...

## ગુજરાતનું શિક્ષણ, આરોગ્ય અને સુરક્ષામાં બેસ્ટ પરફોર્મન્સ

ગુજરાતને ગ્રોથ એન્જિન બનાવવા અને રાજ્યમાં શિક્ષણનો પાયો મજબૂત કરવાના ઉદ્દેશ્ય સાથે ૨૦૦૩માં કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવની શરૂઆત કરી હતી, જો શિક્ષણનો પાયો મજબૂત હશે, તો આપણે દરેક ક્ષેત્રે પ્રગતિ કરી શકીશું. વર્ષ ૨૦૦૩માં જ્યારે તેઓ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી હતા, ત્યારે વડાપ્રધાન દ્વારા ગુજરાતમાં આ અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી. બનાસકાંઠાના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીના જણાવ્યા અનુસાર, મુખ્યમંત્રી દ્વારા મેમદપુર ગામની બે સરકારી પ્રાથમિકશાળાઓ (છોકરાઓ અને છોકરીઓ માટે પ્રત્યેક એક)માં કુલ ૭૧ પાત્ર બાળકોને ધોરણ ૧માં નોંધવામાં આવ્યા હતા. મેમદપુરની આંગણવાડીમાં ૩૫ બાળકો (૩-૫ વર્ષની વયજૂથમાં) પણ નોંધાયા હતા. બનાસકાંઠામાં, ડ્રાઇવ હેઠળ ૧૫,૦૦૦ થી વધુ બાળકો ધોરણ ૧માં નોંધાયા હતા. મેમદપુર એ વડગામ તાલુકાનું એક ગામ છે, જે બનાસકાંઠા જિલ્લાના વડગામ વિધાનસભા મતવિસ્તારનો ભાગ છે, મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, જો આપણે કોઈપણ ક્ષેત્રમાં ટેક્નોલોજીનો લાભ લેવો હોય તો શિક્ષણ જરૂરી છે અને ગુજરાતમાં તેને મજબૂતકરવાના પ્રયાસો હંમેશા કરવામાં આવ્યા છે અને તે પ્રયાસોને કારણે ગુજરાતનો ડ્રોપ આઉટ રેશિયો નોંધપાત્ર રીતે ઘટી ગયો છે. ગુજરાત સરકારે રાજ્યમાં ઇજનેરી શિક્ષણ અને તબીબી સેવાઓ માટે શ્રેષ્ઠ સુવિધાઓ ઉપલબ્ધ કરાવી હોવાનો દાવો કરતાં, કોવિડ-૧૯ રોગચાળા સામે લડવામાં રાજ્ય સરકારની કામગીરીનો ઉલ્લેખ કર્યો હતો. મુખ્યમંત્રીએ સરકારની આયુષ્માન કાર્ડ પહેલનો પણ ઉલ્લેખ કર્યો, જેના હેઠળ પાત્ર વ્યક્તિ કોઈપણ બિમારી માટે રૂપિયા ૫ લાખ સુધીનો તબીબી લાભ મેળવી શકે છે. સુરક્ષા વિશે વાત કરતા મુખ્યપ્રધાન જણાવ્યું હતું કે, આ અગાઉ અમદાવાદ જતા પહેલા અહીંના લોકોએ પહેલા ચેક કરાવવું પડતું કે ત્યાં બધું બરાબર છે કે નહીં. બે દાયકા પહેલાં ઘણા વડીલોએ એ જોયું જ હશે, પરંતુ ૨૦-૨૨ વર્ષના યુવાનોને અશાંતિ શું છે, તે પણ ખબર નહીં હોય. રાજ્યના મુખ્ય પ્રધાન જણાવ્યું હતું કે, કોઈપણ ક્ષેત્રમાં પ્રગતિ કરવા માટે, ત્રણ મૂળભૂત પરિબળો જરૂરી છે શિક્ષણ, આરોગ્ય અને સુરક્ષા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ ગુજરાતે ત્રણેયમાં સારૂ પ્રદર્શન કર્યું છે.

### આજે ૨૫ જૂને કટોકટી-કાળને ૪૭ વર્ષ પૂર્ણ

# કોંગ્રેસે લાદેલી કટોકટી લોકતંત્ર પર કલંકઃ ધ્રુવ


**ભાજપ પ્રવકતા રાજુભાઈ ધ્રુવે ઈન્દિરા સરકારની સત્તાલાલસાને વખોડી**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૫

સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં કોંગ્રેસી વડાપ્રધાન ઇન્દિરા ગાંધીએ જાહેર કરેલી કટોકટીને લોકશાહી માટે સૌથી કાળા સમય માટે ઓળખવામાં આવે છે તેમ જણાવી ભાજપના સૌરાષ્ટ્ર પ્રવકતા રાજુભાઇ ધ્રુવે કહ્યું છે કે, હજુ આજે પણ લોકો લોકશાહી પરના કલંક સમાન કટોકટીને ભૂલ્યા નથી.

તેમણે એક નિવેદનમાં કહ્યું છે કે, આજના દિવસે એટલે કે ૨૫ મી જૂન ૧૯૭૫ના દિવસે રાષ્ટ્રપતિએ ઇન્દિરા ગાંધીની સલાહ અનુસાર



કટોકટીની જાહેરાત કરી હતી. તે સમયના કોંગ્રેસનાં વડાપ્રધાન ઇન્દિરા ગાંધીએ બંધારણની કલમ ૩૫૨ હેઠળ કટોકટીની જાહેરાત કરતાની સાથે અનિશ્ચિત સમય સુધી ભારતીય લોકો પાસેથી મૂળભૂત અધિકારો છીનવી લેવા અને વર્તમાન પત્રોના અવાજને દબાવવા વર્તમાનપત્રો સમાચાર માધ્યમો ઉપર સેન્સર શિપ લાદી દેવામાં આવી હતી. ૨૫મી જૂન ૧૯૭૫ થી ૨૧ માર્ચ ૧૯૭૭ સુધીના ૨૧મહિનાના સમયગાળાને ભારતનો સૌથી વિવાદાસ્પદ અને શરમજનક સમયગાળો માનવામાં આવે છે.

એ સમયે કટોકટીનો વિરોધ કરતા નેતાઓને દેશની સલામતી માટે જોખમી ગણવામાં આવ્યા હતા તથા જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા. રાજકોટથી કેશુભાઈ પટેલ, ચીમનભાઈ શુકલ, અરવિંદભાઈ મણિયાર, વજુભાઇ વાળા, વિજયભાઈ રૂપાણી, ગોધુમલ આહુજા, જનકભાઈ કોટક, જીતુભાઇ શાહ, હરગોવિંદભાઈ વ્યાસ સહિતના અનેક આગેવાનો ઉપરાંત સંઘ પરિવારના પી.વી. દોશી, યશવંતભાઈ ભટ, કાંતિભાઈ ભટ, પ્રફુલ્લભાઈ દોશી અનેક આગેવાનો કટોકટીનો વિરોધ કરવાના કારણે જેલવાસ ભોગવેલ હતો.

વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કટોકટી વિરુદ્ધ જન-સમર્થન મેળવવા અને લોકોને આંદોલન સાથે જોડવા માટે ભૂગર્ભમાં રહી પ્રચંડ આંદોલન ચલાવ્યું હતું, અને કટોકટી નાખનારી કોંગ્રેસને જોરદાર લડત આપી હતી.

૨૧ મહિના લાંબી ચાલેલી કટોકટી બાદ ૨૩મી જાન્યુઆરી ૧૯૭૭ના રોજ ઇન્દિરા ગાંધીએ ચૂંટણીની જાહેરાત કરી હતી. ફેબ્રુઆરીમાં યોજાયેલી ચૂંટણીમાં સમગ્ર દેશના લોકોએ ઇન્દિરા ગાંધીની સાથે સાથે તેમના વિશ્વાસુ નેતાઓને કારમો પરાજય આપ્યો હતો. જનતા પાર્ટીને કુલ ૨૯૫ બેઠકો પ્રાપ્ત થઇ હતી અને મોરારજી દેસાઇ ભારતના પહેલા બિન કોંગ્રેસી નેતા બન્યા હતા.

ખાસ કરીને યુવા લોકોએ સ્વતંત્ર ભારતના ઇતિહાસના એ અંધકારભર્યા પાનાંઓ વિશે જાણવું જોઈએ અને તેમાંથી પાઠ ભણવા જોઈએ જેથી કરી દેશની લોકશાહી સુરક્ષિત રહે મજબૂત અને શકિતશાળી બની રહે, તેમ રાજુભાઈ ધ્રુવે અંતમાં જણાવ્યું છે.

# ગાંજા સાથે એકને ઝડપી પાડતી એસઓજી

## અમદાવાદમાં ૬ લાખના કેસમાં સામેલ રાજકોટથી હીદાયત ખાન ઝડપાયોઃ કાશ્મીરથી ચરસ મંગાવ્યાનું રટણ

(અમારા પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ, તા.૨૫

રાજકોટ શહેર એસઓજીની ટીમે રૈયા રોડ નવા બનતા આવાસ પાસે આવેલ કેબીનમાંથી ૨.૫ કિલો ગાંજા સાથે રમેશ ભાલાણાને ઝડપી પાડ્યો હતો. આ ઉપરાંત અમદાવાદના નારોલ લાંભા ટર્નિંગ પાસેથી નારોલ પોલીસે બાતમીના આધારે દરોડો પાડી રૂ. ૬ લાખના ચરસ સાથે એક શખ્સને ઝડપી લીધા બાદ આ માદક પદાર્થ મંગાવનાર શખ્સને રાજકોટ એસઓજીએ દુધસાગર રોડ પરથી ઝડપી લીધો હતો.

મળતી વિગત મુજબ અમદાવાદમાં અલગ-અલગ વિસ્તારમાં માદક પદાર્થનું વેચાણ અને હેરાફેરી કરનારા શખ્સોને પકડી પાડવા માટે એક શખ્સ નારોલના લાભા ટર્નિંગ પાસેથી માદક પદાર્થ લઇને પસાર થવાનો હોવાની કોન્સ ઓધવભાઇ, ભાવદિપસિંહ અને દોલતસિંહને બાતમી મળતા લાંભા ટર્નિંગ પાસેથી પસાર થતા મોહંમદ હાસીમ અબ્દુલહમીદ (ઉ.૨૬) (રહે. ડોગરી મહોલ્લા મુંબઇ, મુળ માંગરોળ તા.જુનાગઢ)ને પકડી લઇ તલાશી લેતા તેની પાસેથી રૂા. ૬,૦૦,૦૦૦ ની કિંમતના ૪ કિલો ૨૦ ગ્રામ ચરસ સાથે પકડી લીધો હતો પોલીસે તેની પુછપરછ કરતા તે આ ગાંજાનો જથ્થો જમ્મુ-કાશ્મીર, શ્રીનગરના રમીઝડાર પાસેથી લઇને રાજકોટ હીદાયતખાન અફઝલખાન પઠાણને આપવાનો હોવાની કેફીયત આપી હતી દરમ્યાન એસઓજીના પી.આઇ.જો.ડી.ઝાલાની રાહબરીમાં એ.એસ.આઇ. વિરમભાઇ ધગલ તથા હેડ કોન્સ મોહિતસિંહ, કોન્સ





દિવ્યરાજસિંહ અને રણછોડભાઇ આલ સહિત પેટ્રોલીંગમાં હતા ત્યારે બાતમીના આધારે દુધસાગર રોડ પર લાખાજીરાજ શ્રમજીવી સોસાયટી શેરી નં.૪માં રહેતા હીદાયતખાન અફઝલખાન પઠાણ (ઉ.૪૧)ને નારોલ પોલીસમાં કબ્જે થયેલા ચરસના કેસમાં પકડી લઇ હીદાયતખાનને અમદાવાદ નારોલ પોલીસને સોપવામાં આવ્યો હતો.

# ધ્રોલની જી.એમ. પટેલ કન્યા વિદ્યાલયની ૧૦૦ બાળાઓને ફુડ પોઈઝનથી દોડધામ!

## તાત્કાલિક શાળાના વાહનોમાં લાવી સરકારી હોસ્પિટલમાં સારવાર આપવામાં આવીઃ ખાનગી ડોકટરો પણ દોડી આવ્યા

ધ્રોલ તા.૨૫

ધ્રોલ ખાતે રાજકોટ- જામનગર હાઈ-વે પર આવેલ જી.એમ. પટેલ કન્યા વિદ્યાલયની એકસો જેટલી બાળાઓએ બપોરના ભોજન બાદ ફુડ પોઈઝીંગની અસર થતા તાત્કાલીક શાળાના વાહનોમાં અત્રેની સરકારી હોસ્પિટલ ખાતે લાવવામાં આવેલ. એક સાથે મોટી સંખ્યામાં થયેલી ફુડ પોઈઝીંગની અસરને કારણે હોસ્પિટલના તમામ સ્ટાફે સારવાર શરૂ કરેલ. ફૂડ પોઈઝનીંગમાં બાળાઓને ઉલટીઓ થતી હતી. જરૂરી જણાય તે બાળાઓને બાટલા પણ ચડાવવામાં આવેલ. આ બનાવની જાણ થતા ખાનગી ડોકટરો પણ હોસ્પિટલ ખાતે દોડી આવેલ અને શહેરના જાણીતા ડોકટર હીંગોરાએ માનવતાના ધોરણે તેમની ખાનગી હોસ્પિટલમાં કે જયાં ૫૦ બેડની સુવિધાઓ છે ત્યાં મોકલવા વિનંતી કરતા જરૂરી જણાય તેવી બાળાઓને ત્યાં સારવાર માટે ખસેડવામાં આવેલ. ફુડ



પોઈઝનીંગના બનાવને કારણે હોસ્ટેલની બીજી બાળાઓને અસર ન થાય તે માટે શાળાના તથા ગામના ખાનગી ડોકટરોની ટીમ તરફથી તપાસ શરૂ કરીને જરૂરી દવાઓ આપવાનું કામ ચાલુ કરેલ હતું.

આ બનાવના પગલે શાળાનો સ્ટાફ તંત્ર સંસ્થા સાથે સંકળાયેલા ટ્રસ્ટીઓ ડાહ્યાભાઈ ભીમાણી સહિતના આગેવાનો હોસ્પિટલ ખાતે દોડી આવેલ હતા.

## કચ્છના આડેસર પાસેથી ૩૧ લાખનો દારૂ ભરેલ આઇસર ઝડપાયુંઃ એક શખ્સની ધરપકડઃ ૨ શખ્સોની શોધખોળ



# શાપર-વેરાવળમાં વર્લીનો જૂગાર રમતા ત્રણ શખ્સો ઝડપાયા

રાજકોટ તા. ૨૫

શાપર વેરાવળમાં વર્લીનો જુગાર રમતા ૩ શખ્સોને પોલીસે ઝડપી લીધા હતાં. શાપર (વે.) કેપ્ટન ગેટ અંદર જયદીપ ઓકિસજન કારખાના સામે આવેલ કેબીન પાસે વર્લીનો જુગાર રમાડાતો હોવાની બાતમી મળતા પીએસઆઇ કુલદીપસિંહ ગોહીલના માર્ગદર્શન હેઠળ પો. કો. દુષ્યંતસિંહ રાણા સહિતના સ્ટાફે રેઇડ કરી વર્લીનો જૂગાર રમાડતા ફારૂકમીયા ઇસ્માઇલભાઇ કાજી રે. દરબાર ચોક ગોંડલ, મનસુખ સામતભાઇ મુદળીયા રે. બુધ્ધનગર મફતીયાપરા વેરાવળ તથા દાના કાનાભાઇ વાઘેલા રે. ૫૦ વારીયા પ્લોટ વેરાવળને રોકડા રૂા. ૫૪૪૦ અને મોબાઇલ સહિત ૯૪૪૦ના મુદ્દામાલ સાથે પકડી પાડી ધોરણસરની કાર્યવાહી કરી હતી.

# ૪૭ વર્ષ પહેલાના કટોકટીના દિવસો આજે પણ આપણે ભુલી શકતા નથીઃ ગોવિંદ પટેલ



**ગુપ્ત પત્રીકાઓ રાજકોટમાં છપાતી, અને તેને પહોચાડવાનું કામ પણ રાજકોટના સ્વયં સેવકો અને કાર્યકર્તાઓ ગુજરાતભરમાં કરતા હતાઃ ધારાસભ્ય પટેલ**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ.તા.૨૫

કટોકટીના કાળા દિવસ આજે ભાજપ દ્વારા મનાવવામાં આવે છે ત્યારે તે અનુંસંધાને ધારાસભ્ય ગોવિંદ પટેલ દ્વારા એક પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. તેઓએ જણાવ્યું હતું કે, કટોકટીના દિવસો આજે પણ નજર સામે આવે છે ત્યારે આજે પણ ધ્રુજારી આવી જાય છે, તે સમયે જે પ્રકારે લોકશાહીનું ગળું ટુંપીને મેઈન્ટેન્સ ઓફ ઈન્ટર્નલ સીક્યુરીટી એકટ દાખલ કરીને દેશના લાખો રાષ્ટ્રપ્રેમીઓ અને લોકશાહીના રક્ષકોને રાતોરાત જેલના સળીયા પાછળ ધકેલવાના દિવસો એ કટોકટીના કાળા દિવસ તરીકે આજે આપણે યાદ કરીને ઐતિહાસિક ઘટનાને કાળા દિવસ તરીકે ઉજવી રહ્યા છીએ ત્યારે તે સમયે સમગ્ર દેશને ગુજરાતે આંદોલન કારીઓ અને કટોકટી સામે લડનારાઓએ સ્ટેન્ડ પુરૂ પાડવાનું અને તેનું રક્ષણ કરવાનું એક શ્રેય પણ ગુજરાતના શિરે જાય છે. ગુજરાત એ હંમેશા દેશને એક નવો રાહ ચીંધનારૂ રાજય બનતું આવ્યું છે.


આ સમયમાં અનેક નેતાઓ ભુગર્ભમાં રહીને ઈન્દીરાબેન ગાંધીની સરમુખત્યાર શાહીની સામે લોકમત જાગૃત કરવાના ધ્યેય સાથે જે કામ કરી રહયા હતા તેમાં સ્વ. નાથાલાલ ઝગડા, હાલના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી કે જેઓ સરદારના વેષમાં મોટર સાઈકલ ઉપર ફરતા હતા, વકિલ સુર્યકાન્ત આચાર્ય, ચીમનભાઈ શુકલ, વગેરેએ સુકાન સંભાળ્યુ હતુ તેમજ જનતા મોરચાની સરકાર કોંગ્રેસે તોડી અને કેશુભાઈ પટેલથી માંડીને તમામ જનસંઘના નેતાઓ, વિદ્યાર્થી પરીષદ, મજદુર સંઘના તમામ નેતાઓ અને આગેવાનોને જેલના સળીયા પાછળ ધકેલી દીધા હતા. તે સમયે વિદેશમાં રહીને મકરંદ દેસાઈ સમગ્ર વિશ્વના લોકોને અમેરીકામાં એક સંગઠન બનાવીને લોકશાહીની હત્યા સામે લોકમત ઉભો કરવામાં તેમણે અહ્મ ભુમિકા નિભાવી હતી.

અનેક કુટુંબો એવા હતા કે જેઓ પોતે કમાનાર હતા અને જેલના સળીયા પાછળ હતા તે કુટુંબની દેખભાળ કરવાનું કામ રાજકોટમાં હંસીકાબેન મણીયાર દરેક પરિવારની જરૂરીયાત મુજબ સાર-સંભાળ રાખી અને મદદ કરતા હતા. ગુપ્ત પત્રિકાઓ રાજકોટમાં છપાતી, અને તેને પહોચાડવાનું કામ પણ રાજકોટના સ્વયમસેવકો અને કાર્યકર્તાઓ ગુજરાતભરમાં કરતા હતા.

આમ જયારે કટોકટીના દિવસોને યાદ કરીએ છીએ ત્યારે ૪૭ વર્ષ પહેલાના તે દિવસો આજે પણ આપણે ભુલી શકતા નથી.

# રૂ. ૫૦ હજારની જાલીનોટ સાથે એન્જિનિયરિંગના બે વિદ્યાર્થી ઝડપાયા

**રૂ.૪૦ હજાર આપી રૂ.૧ લાખની નકલી નોટ મેળવી હતીઃ વિસાવદરના શખ્સે સવા વર્ષ પૂર્વે આપઘાત કરનાર તેના મિત્ર પાસેથી નોટ મેળવી હોવાની કબૂલાત આપી**



રાજકોટ.તા.૨૫

શહેરના કાલાવડ રોડ પરથી પોલીસે એન્જિનિયરિંગના વિદ્યાર્થીને રૂ.૫૦ હજારની જાલીનોટ સાથે ઝડપી લીધા બાદ તેને નોટ સપ્લાય કરનાર ઇજનેરીના જ છાત્ર અને વિસાવદરના શખ્સને પણ પોલીસે ઉઠાવી લીધો હતો, નોટ સાથે ઝડપાયેલા વિદ્યાર્થીએ અન્ય રૂ.૫૦ હજારની નકલી નોટ સુરત રહેતા તેના પિતરાઇને આપી હોય તેને પકડવા પોલીસની એક ટીમ સુરત દોડી ગઇ હતી. કાલાવડ રોડ પર પ્રેમમંદિરની બાજુમાં બટર ફ્લાય પ્લે હાઉસ પાસે આવેલા મકાનમાં ભાડેથી રહેતા અને ગાર્ડી કોલેજમાં એન્જિનિયરિંગનો અભ્યાસ કરતાં કિશન દિનેશ પાંચાણી પાસે રૂ.૫૦૦ના દરની ભારતીય ચલણની બોગસ નોટ હોવાની માહિતી મળતાં યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના પીએસઆઇ એ.બી.જાડેજા સહિતની ટીમ દોડી ગઇ હતી. પોલીસે કિશનને સકંજામાં લઇ તલાશી લેતા પાસેથી ૫૦૦ના દરની ૧૦૦ નંગ નોટ મળી આવી હતી. પોલીસે આગવીઢબે પૂછપરછ કરતા કિશન પાંચાણી 'પોપટ' બની ગયો હતો અને તેણે આત્મીય કોલેજમાં બાયોટેક્નોલોજીનો અભ્યાસ કરતાં અને વિસાવદરમાં જૂના બસ સ્ટેશન પાસે રહેતા આવેશ અનવર ભોર પાસેથી ખરીદ કર્યાની કબૂલાત આપી હતી.

શહેર પોલીસની ટીમ વિસાવદર રવાના થઇ હતી અને આવેશને ઝડપી લઇ પૂછપરછ કરતા તેણે સવા વર્ષ પૂર્વે કિશનને રૂ.૪૦ હજારમાં ૧ લાખની ૫૦૦ના દરની નોટ આપ્યાની કબૂલાત આપી હતી અને આ નકલી નોટનો જથ્થો વિસાવદરમાં જ રહેતા હર્ષ રેણુકા પાસેથી મેળવ્યાનું રટણ રટયુ હતુ. પોલીસ વિસાવદરમાં હર્ષના ઘરે પહોંચી હતી પરંતુ હર્ષે એકાદ વર્ષ પહેલા જ આપઘાત કરી લીધાનું ખુલ્યું હતું.

પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, કિશને રૂ.૫૦ હજારની નકલી નોટ સુરત રહેતા તેના પિતરાઇ સંજય હરેશ પાંચાણીને આપી હતી અને પોતાની પાસે રહેલી નકલી નોટ વટાવવા જતાં ઝડપાઇ જશે તેવો ભય લાગતા રાખી મુકી હતી, જોકે કિશનની આ વાત પોલીસને ગળે ઉતરતી નહોતી, કિશન અને આવેશ સહિતનાઓએ અત્યાર સુધીમાં કેટલી નોટ બજારમાં વહેતી મૂકી હતી, અન્ય કોઇને આપી હતી કે કેમ તે સહિતના મુદ્દે તપાસ કરવા પોલીસે આરોપીઓને રિમાન્ડ પર લેવાની તજવીજ શરૂ કરી હતી.

### મૃતક પુત્રે જાલીનોટનો ધંધો કર્યાનું જાણી પરિવારજનો સ્તબ્ધ

વિસાવદરના આવેશને પોલીસે ઝડપીને પૂછપરછ કરતા તેણે વિસાવદરના જ હર્ષ રેણુકા પાસેથી નકલી નોટનો જથ્થો મેળવ્યાની કબૂલાત આપતા પોલીસની ટીમ હર્ષના ઘરે પહોંચી હતી, હર્ષે એકાદ વર્ષ પહેલા આપઘાત કર્યો હતો, હર્ષના પરિવાર સમક્ષ પોલીસે સમગ્ર ઘટના કહેતા તેઓ સ્તબ્ધ થઇ ગયા હતા, તેમણે નિઃસાસા સાથે કહ્યું હતું કે, હર્ષને કેટલાક એવા શખ્સો સાથે મિત્રતા થઇ હતી કે તે અવડે પાટે ચડી ગયો હતો, જોકે હર્ષે નકલી નોટનો ધંધો કર્યા અંગે અજાણ હોવાનું પરિવારજનોએ કહ્યું હતું.

# રાજકોટ ક્રાઈમ

## રિચાર્જના બહાને ૧.૨૦ લાખની છેતરપિંડી

નેટફ્લિક્સમાં રિચાર્જ કરવાના બહાને ઇ-મેઇલ લિંક મોકલી ક્રેડિટ કાર્ડમાંથી રૂપિયા ૧ લાખ ૨૦ હજાર ઉપાડી ફ્રોડ થયું હોવાની અરજી સાયબર ક્રાઇમ પોલીસમાં કરવામાં આવી હતી. અરજદારે કરેલી અરજીના આધારે તપાસ કરી પોલીસે અરજદારે ગુમાવેલા ૧ લાખ ૨૦ હજાર ૩૬૪ પરત અપાવવામાં આવ્યા છે. રાજકોટના નિર્મલા રોડ પર શિવમ પ્રકાશ સોસાયટી શેરી નંબર-૨માં રહેતા ડોક્ટરે સાયબર ક્રાઇમ પોલીસમાં અરજી કરી હતી. આ અરજીમાં જણાવ્યું હતું કે, નેટફ્લિસમાં રિચાર્જ કરવા માટે ઇ-મેઇલ મને મળ્યો હતો. આ ઇ-મેઇલમાં ડિટેલ ભરતા તેમના ક્રેડિટકાર્ડમાંથી કુલ ૧ લાખ ૨૦ હજાર ૩૬૪ રૂપિયા ઉપડી ગયા હતા.

## ચોરાઉ ૭ બાઇક સાથે ૩ શખ્સ ઝડપાયા

રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચે સાત ચોરાઉ મોટર સાયકલ સાથે ૩ આરોપીની ધરપકડ કરી છે. આ અંગેની પ્રાપ્ત વિગત મુજબ રાજકોટ ક્રાઇમ બ્રાન્ચ પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે, રાજકોટ અમદાવાદ હાઇ-વે પર વાંકાનેર ચોકડી પાસે ચોરાઉ મોટર સાયકલ લઇ ત્રણ ઈસમો આવી રહ્યા છે. જેના આધારે વોચ ગોઠવી આરોપીઓને અટકાવી પુછપરછ કરતા ત્રણેય શખ્સો મળી આવ્યા હતા.

## પરિણીતાએ આપઘાતનો પ્રયાસ કર્યો

રાજકોટ નજીક કુવાડવામાં બે વર્ષથી રીસામણે આવેલી કાજલબેન (ઉ.વ.૨૮)એ પતિના માનસીક અને શારીરીક ત્રાસથી કંટાળી એસીડ પી આપઘાતનો પ્રયાસ કર્યો છે. જેની જાણ થતા મહિલાને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. બનાવ અંગે જાણ થતા કુવાડવા રોડ પોલીસનો સ્ટાફ સિવિલ હોસ્પિટલ દોડી જઈ આપઘાતનો પ્રયાસ કરનાર પરિણીતાની પુછપરછ હાથ ધરી હતી.

## કાર ચાલકે ઠોકરે લેતા આધેડનું મોત

ગોંડલના સડક પીપળીયામાં રહેતાં રઘુભાઇ ભીખાભાઇ સિંધવ (ઉ.વ.૩૯)ને અજાણ્યો કાર ચાલક ઠોકરે લઇ ભાગી જતાં રાજકોટ સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતાં. જ્યાં તેમનું મોત નિપજતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. રઘુભાઇને ગામના નેશનલ હાઇવે પર ચાની કેબીન હોઇ ગત તા.૧૬ જૂનના રોજ સવારે ઘરેથી ચાલીને પોતાની કેબીને જવા નીકળ્યા ત્યારે હાઇવે પાસે પહોંચતા અજાણ્યો કાર ચાલક ઠોકરે લઇ ભાગી જતાં ગંભીર ઇજા થતાં ગોંડલ સારવાર અપાવી રાજકોટ સિવિલમાં ખસેડાયા હતાં. અહિં આજે સવારે દમ તોડી દેતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે ગોંડલ તાલુકા પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર રઘુભાઇ ચાર બહેનના એકના એક ભાઇ અને પરિવારનો આધાર સ્તંભ હતા. સંતાનમાં એક પુત્રી અને બે પુત્ર છે. આજે તેનું મોત થતા ગોંડલ તાલુકા પોલીસે વિશેષ તપાસ હાથ ધરી છે.

## ૧ લાખ રોકડ અને મોબાઈલ ફોનની ચોરી

રાજકોટના સદર બજારમાં આવેલ જે.કે. સીઝન સ્ટોર નામની દુકાનમાં રૂપિયા ૧ લાખ રોકડ અને મોબાઈલ ફોનની ચોરી થયા અંગે પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદીના જણાવ્યા મુજબ કુલ ૧ લાખ રોકડ રકમ અમારી દુકાનના કબાટમાં ગઈકાલે હિસાબ કરી બાદમાં મુકવામા આવ્યા હતા. જે આજે સવારે દુકાને આવી જોતા કબાટમાં જોવા મળ્યા ન હતા. આથી ચોરી થયા હોવાનું માલુમ થતા પ્રદ્યુમનનગર પોલીસને જાણ કરી હતી. હાલ પોલીસે ફરિયાદી ફરિયાદ નોંધી આગળ કાર્યવાહી હાથ ધરી છે.

## માતા સાથે ઝઘડો યુવતીનો ફાંસો ખાઈ આપઘાત

માતા સાથે કામ બાબતે ઝઘડો થતાં ૧૬ વર્ષની મહેશઝાબીને ફાંસો ખાઈ આપઘાત કરી લેતા અરેરાટી મચી ગઈ હતી.બનાવની વધુ વિગત અનુસાર રાજકોટના જંગલેશ્વર-૧૧માં રહેતી મહેશઝાબીન મુસ્તાકભાઈ બાંભાણીયા (ઉ.વ.૧૬)એ ગતરોજ પોતાના રૂમમાં જઈ છતના હુકમાં ચુંદડી બાંધી ગળેફાંસો ખાઈ લીધો હતો. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે ભકિતનગર પોલીસને જાણ કરતાં સ્ટાફ દોડી આવ્યો હતો અને કાગળો કરી મૃતદેહને પીએમમાં ખસેડી આપઘાતનું કારણ જાણવા પરિવારની પુછપરછ હાથ ધરવામાં આવી હતી.

## સફાઇ કામદારે એસીડ પી જીંદગી ટુંકાવી

તાલાલામાં નગરપાલીકામાં સફાઇ કામદાર તરીકે નોકરી કરતા સુનીલભાઇ વાઢેરે કામ પરથી પરત ઘરે આવી એસિડ ગટગટાવી આપઘાતનો પ્રયાસ કરતા સારવારમાં રાજકોટ સિવિલે ખસેડાયો હતો. સારવારમાં પહોંચે તે પહેલા જ મોત થતા અરેરાટી મચી ગઇ હતી. બનાવની વધુ વિગત અનુસાર તાલાલામાં વાલ્મીકી વાસમાં રહેતા અને નગરપાલીકામાં સફાઇ કામદાર તરીકે નોકરી કરતા સુનીલભાઇ કાળાભાઇ વાઢેર ગત રોજ બે વાગ્યે નોકરી પરથી પરત આવી બાથરૂમમાં જઇ એસીડ ગટગટાવી લીધુ હતું. જે બાદ બહાર નીકળીને ઉલ્ટી કરવા લાગતા તેના પિતાને બનાવ અંગે જાણ કરતા તાત્કાલીક પ્રથમ તાલાલા અને બાદમાં વધુ સારવાર માટે રાજકોટ સિવિલે ખસેડવામાં આવ્યા હતા. પરંતુ સારવારમાં પહોંચે તે પહેલા જ સુનિલભાઇએ દમ તોડી દીધો હતો. બનાવ અંગે સિવિલ ચોરીના સ્ટાફે તાલાલા પોલીસને જાણ કરતા રાજકોટ સિવિલે દોડી આવી હતી અને મૃતદેહને પી.એમ.માં ખસેડી આપઘાતનું કારણ જાણવા પરિવારની પુછપરછ હાથ ધરી હતી.

**રાજકોટ મધ્યસ્થ જેલના ફર્લો રજા ઉપરથી નાસતા ફરતા પાકા કામના કેદી વેલજી વાઘેલાને પકડી પાડતી પેરોલ ફર્લો સ્કર્વોડ**

## ડો. શ્યામપ્રસાદ મુખર્જી બલિદાન દિવસ અંતર્ગત

# શહેર યુવા ભાજપ દ્વારા તમામ વૉર્ડમાં રક્તદાન કેમ્પનો પ્રારંભ



### શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીના માર્ગદર્શન હેઠળ શહેર ભાજપ યુવા મોરચા દ્વારા ૧૮૦૦ થી વધુ બોટલ રક્ત એકત્રિત કરાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૫

શહેર યુવા ભાજપ પ્રમુખ કિશન ટીલવા, મહામંત્રી કુલદીપસિંહ જાડેજા, હેમાંગ પીપળીયાની એક સંયુકત અખબારી યાદીમાં જણાવાયું છે કે પ્રદેશ યુવા ભાજપ પ્રમુખ ડો. પ્રશાંતભાઈ કોરાટના માર્ગદર્શન હેઠળ ગુજરાતભરમાં ભાજપ યુવા મોરચા દ્વારા ડો. શ્યામાપ્રસાદ મુખર્જી બલિદાન દિવસ નિમિતે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવનાર હોય, તે અંતર્ગત રાજકોટ શહેર ભાજપ યુવા મોરચા દ્વારા શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીના માર્ગદર્શન હેઠળ આવતીકાલ તા.૨૬/૬ થી તા.૨૯/૬ દરમ્યાન શહેરના તમામ વોર્ડમાં તબકકાવાર મેગા રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવશે અને રક્તદાન કેમ્પ થકી બહોળી સંખ્યામાં રક્ત એકત્ર કરવામાં આવશે.

ત્યારે આ અંતર્ગત વધુ માહિતી આપતા કિશન ટિલવા, કુલદીપસિંહ જાડેજા, હેમાંગ પીપળીયાએ તા.૨૬/૬ થી તા.૨૯/૬ દરમ્યાન વિવિધ વોર્ડમાં તબકકાવાર યોજાનાર રક્તદાન કેમ્પની વોર્ડવાઈઝ વિસ્તૃતમાં આવતીકાલ તા.૨૬ ના રોજ ધર્મેશ્વર મહાદેવ,ધરમનગર, મહર્ષિ શાળા નં.૫૯,બજરંગવાડી, શાળા નં.૪૦, સીંધી કોલોની શાક માર્કેટ પાસે, હીતેશભાઈ મઠીયાની સ્કુલ, હુડકો ક્વાર્ટર કોમ્યુ. હોલ, ભોજલરામ વાડી-સંતકબીર રોડ, પંચનાથ મંદિર, વોર્ડ ભાજપ કાર્યાલય, અક્ષર સ્કુલ, નંદનવન હોલ, તપન સ્કૂલ-૮૦ ફુટ રોડ-મવડી, સ્વામીનારાયણ ચોક, નવનીત હોલ, બાલકિશોર વિદ્યાલય અને તા.૨૯ ના રોજ આજી વસાહત મેઈન રોડ, જનસેવા કાર્યાલય, લુહાર સમાજની વાડી, સોરઠીયા પરિવારની વાડી-મવડી, બ્રહ્મણી હોલ કોઠારીયા રોડ પર રકતદાન કેમ્પ યોજાશે. (૧૩)

### પ્રખર રાષ્ટ્રભકતના જીવન-કવનની ગાથા વર્ણવાઈ

# ડો.શ્યામાપ્રસાદ મુખર્જીને ભાજપ દ્વારા શબ્દાંજલિ



### ડો.શ્યામાપ્રસાદજીએ દેશ માટે બલિદાન આપ્યું, જેને યાદ કરી ભવ્ય ભારતના નિર્માણ માટે સંકલ્પબધ્ધ થઈએઃ કસવાલા-મિરાણી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૫

જનસંઘના સ્થાપક પ્રમુખ અને ભારતીય જનતા પાર્ટીના માર્ગદર્શક રાષ્ટ્રને સમર્પિત એવા પ્રખર રાષ્ટ્રભક્ત ડો.શ્યામાપ્રસાદ મુખરજીના તા.૨૩ જૂનના રોજ બલિદાન દિવસ અંતર્ગત શહેર ભાજપ દ્વારા હેમુ ગઢવી મીની થિયેટર ખાતે ડો. શ્યામાપ્રસાદ મુખર્જીના જીવનકવન ઉપર વક્તવ્યનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પ્રદેશ ભાજપ અગ્રણી મહેશભાઈ કસવાલા દ્વારા વક્તવ્ય અપાયું હતું.

આ તકે મહેશભાઈ કસવાલા, કમલેશ મિરાણી, મેયર ડો. પ્રદીપ ડવ, શહેર ભાજપ મહામંત્રી જીતુ કોઠારી, કીશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુર, કશ્યપ શુકલ, રક્ષાબેન બોળીયા, ડો.જૈમનભાઈ ઉપાધ્યાય, મહેન્દ્ર પાડલીયા, ડો. અતુલ પંડયા સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

આ તકે સ્વાગત પ્રવચન કરતા શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીએ જણાવેલ કે ભારતીય જનતા પાર્ટીના માર્ગદર્શક એવા રાષ્ટ્રભકત ડો. શ્યામાપ્રસાદ મુખરજીએ રાષ્ટ્ર માટેના બલિદાનના દિવસે તેમની જીવનગાથાને યાદ કરીને કાર્યકર્તાઓ ભવ્ય ભારતના નિર્માણ માટે સંકલ્પબધ્ધ થાય તેમજ આગામી કાર્યક્રમોની માહિતી આપી હતી. આ તકે મહેશભાઈ કસવાલાનું બુક અને ખેસથી સ્વાગત શહેર ભાજપ મહામંત્રી નરેન્દ્રસિંહ ઠાકુર દ્વારા કરવામાં આવેલ. ત્યારબાદ મહેશભાઈ કસવાલાએ ડો. શ્યામાપ્રસાદ મુખર્જીના જીવન-કવન પર વિસ્તૃત વક્તવ્ય આપતા જણાવેલ કે, સ્વભાવથી શિક્ષણ ક્ષેત્રના માનવી એવા ડો. શ્યામાપ્રસાદ મુખર્જી માત્ર ૩૩ વર્ષની ઉંમરે જ કોલકતા વિશ્વ વિદ્યાલયના ઉપકુલપતિ બન્યા હતા. નિર્ભયતા, રચનાત્મક અભિગમ અને યોગ્ય આયોજનથી શિક્ષણ ક્ષેત્રે નવા પ્રયોગો કર્યા હતા તેમજ આપણા ગૌરવમય અતીતને અનુરૂપ ભવ્ય ભારતનું નિર્માણ એ તેમનું સપનું હતું. હિન્દુ રાષ્ટ્રનો મુદ્દો ડો.મુખરજીએ સ્વીકાર્યો. આ રીતે ૧૯૫૧માં ભારતીય જનસંઘની રચના થઈ.

કાશ્મીરમાં કલમ-૩૭૦ રદ થાય એ તેમનુ સપનું હતું, એ માટે જ તેઓએ બલિદાન આપ્યું હતું. તેમનું આ સપનું દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને ગૃહમંત્રી અમિતભાઈ શાહની દ્રઢ ઈચ્છાશકિતના પરિણામે ૭૦ વર્ષે સાકાર થયું અને સમગ્ર દેશ આ ઐતિહાસિક પળનો સાક્ષી બન્યો છે.

# આવતીકાલે લોકઅદાલતનું આયોજન

### જિલ્લા કાનૂની સેવા સતામંડળ આયોજીત લોકઅદાલતમાં જુદી-જુદી કેટેગરીના 30 હજાર કેસો હાથ પર લેવાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૫

ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળ, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદના ઉપક્રમે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, રાજકોટ દ્વારા રવિવારે રાજકોટ જીલ્લાની રાજકોટ જીલ્લા મથકે તથા તાલુકા મથકે આવેલ તમામ અદાલતોમાં મેગા લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. લોકઅદાલતમાં દાખલ થયેલ તથા અદાલતમાં કેસ દાખલ થાય તે પહેલાં કેસો હાથ પર લેવામાં આવનાર છે. લોકઅદાલતમાં ફોજદારી સમાધાન લાયક કેસો, ચેક રિટર્ન અંગેના કેસો હેઠળના કેસો બેન્ક લેણાના કેસો જો મોટર અકસ્માત વળતરને લગતા કેસો લગ્નવિષયક કેસો મંજૂર અદાલતના કેસો જો જમીન સંપાદનને લગતા કેસો ઈલેકટ્રીસીટી તથા પાણીના બીલોને લગતા કેસો રેવન્યુ કેસીસ દિવાની પ્રકારના કેસો અન્ય સમાધાન લાયક કેસો મુકવામાં આવનાર છે.

લોકઅદાલત પહેલાં લોકઅદાલતની તૈયારીના ભાગરૂપે જુદી-જુદી મિટિંગો યોજી, પ્રિ-સીટિંગનું આયોજન કરી પક્ષકારોને સમાધાન અંગે નજીક લાવવા માટે લગભગ છેલ્લા ત્રણ મહીનાથી પ્રયત્ન કરવામાં આવી રહેલા છે જેના ભાગરૂપે યોજાનાર લોક અદાલતમાં તમામ કેટેગરીના મળી કુલ 30,000 થી વધુ કેસો હાથ પર લેવામાં આવનાર છે.

લોકઅદાલતમાં પક્ષકારો પોતાનો કેસ મુકી સમાધાનથી નિર્ણિત કરવામાં આવે તો બન્ને પક્ષકારોને લાભ કર્તા છે, બન્ને પક્ષકારો વચ્ચે સમાધાનથી કેસનો નિકાલ થાય છે તથા કોઈનો વિજય નથી તેમજ કોઈનો પરાજય નહી તેવી પરિસ્થિતિ ઉદભવે છે અને તે કારણસર પક્ષકારો વિવાદ મુકત બને છે તથા વૈમનસ્યથી મુક્ત થવાય છે તેમજ પક્ષકારોની સમજણ તથા સમજૂતીથી કેસનો નિકાલ થયેલ હોય અપીલ થતી નથી જેથી ભવિષ્યના વિવાદથી પણ પક્ષકારોને છૂટકારો મળે છે.

જેથી યોજાનાર લોકઅદાલતમાં તમામ પક્ષકારોને સક્રીય ભાગ લેવા અપીલ કરવામાં આવી છે.

# સોમવારે 'ગૌ ઉદ્યોગ સાહસિકતા' પર આંતરરાષ્ટ્રીય વેબિનાર

### કેન્દ્રી પશુપાલન મંત્રી પરસોતમ રૂપાલા તેમજ કામધેનુ આયોગના પૂર્વ અધ્યક્ષ ડો.વલ્લભ કથીરિયા દ્વારા માર્ગદર્શન અપાશે



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૫

ગૌ ઉદ્યોગ ક્રાંતિનો આર્થિક લાભ દરેક ગાય ઉદ્યોગસાહસિક સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવા માટે, ગ્લોબલ કન્ફેડરેશન ઓફ કાઉ-બેઝ્ડ ઈન્ડસ્ટ્રીઝ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ, ખાદી વિકાસ ગ્રામોદ્યોગ અને વિવિધ ચેમ્બર ઓફ કોમર્સ સાથે MSME દિવસ માઈક્રો, સ્મોલ એન્ડ મેડિયમ એન્ટરપ્રાઈઝ પર ૨૭મી જૂન, સોમવારના રોજ સાંજે ૬ વાગ્યે વૈશ્વિક સ્તરે વેબિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ વેબિનારમાં ભારત સરકારમાં મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રી પરસોતમભાઈ રૂપાલા, MSME મંત્રી નારાયણભાઈ રાણે અને GCCI ના સ્થાપક ડો. વલ્લભભાઈ કથીરિયા દ્વારા માર્ગદર્શન આપવમાં આવશે.

ખાદી ગ્રામોદ્યોગ અને વિવિધ ચેમ્બર ઓફ કોમર્સના અધિકારીઓ આ નવા ઉદ્યોગને આકાર આપવા તેમની નીતિઓ રજૂ કરશે. ગૌ ઉદ્યોગ સાહસિકતા પરનાં વેબિનાર માટે bit.ly/GTU CowEntrepreneurship લીંક પર જોડાવવા જણાવાયું છે. આ વેબિનાર માટે ટેકનોલોજી પાર્ટનર GTU - ગૌ અનુસંધાન યુનિટ છે. આ અંગેની વિશેષ માહિતી મેળવવા માટે પુરીષ કુમાર, અમિતાભ ભટનાગર, મિતલ ખેતાણી (મો. ૯૮૨૪૨૨૧૯૯૯) નો સંપર્ક કરવા જણાવાયું છે. (૧૩)

# મીઠાપુરઃ તાલુકા શાળા અને કન્યા શાળામાં પ્રવેશોત્સવની શાનદાર ઉજવણી



(દિવ્યેશ જટણીયા દ્વારા)
મીઠાપુર, તા.૨૫

મીઠાપુર ખાતે આવેલી તાલુકા શાળા અને કન્યા શાળામાં તા.૨૪ ને શુક્રવારના રોજ શાળા પ્રવેશોત્સવની ભારે દબદબાભેર ઉજવણી કરવામાં આવી હતી.

આ ઉજવણીમાં એડીશનલ સેક્રેટરી આરોગ્ય વિભાગના સુબોધભાઈ જોશી તથા સેકશન અધિકારી શિક્ષણ વિભાગના કનુભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. નાના નાના ભૂલકાઓને પુસ્તકોની કીટ આપી અને તેમનું મોઢું મીઠું કરાવી શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો.

આ પ્રસંગે દ્વારકા તાલુકા પંચાયતના પ્રમુખ રાજવીરભા, ટી.સી.એસ.આર.ડી.ના રેહાનાબેન, સામાજીક કાર્યકર અશોકભાઈ શ્રીમાળી, વેપારી અગ્રણી ભાવેશભાઈ કાનાણી, પત્રકાર દિવ્યેશભાઈ જટણીયા તથા મોટી સંખ્યામાં બાળકો તથા તેમના વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રવેશોત્સવ બાદ શાળામાં જ વૃક્ષારોપણ પણ ઉપસ્થિત મહાનુભાવો દ્વારા કરવામાં આવ્યું હતું. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩)

# ખાખડબેલામાં મંત્રી બ્રિજેશ મેરજાએ બાળકોની સાથે તિથિ ભોજન કર્યું



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૫

શ્રમ અને રોજગાર મંત્રી બ્રિજેશભાઇ મેરજાએ પડધરી તાલુકાના ખાખડબેલા ગામે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવમાં ભાગ લીધો હતો. જેમાં ૧૧ બાળકોને ધો.૧માં પ્રવેશ અપાયો હતો. મહાનુભાવો દ્વારા શૈક્ષણિક કિટનું વિતરણ કરાયુ હતું. આ ઉપરાંત મંત્રીએ તિથિ ભોજન બાળકો સાથે લઈ બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો. આ તકે અધિકારીઓ, પદાધિકારીઓ, આચાર્ય, શિક્ષકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# માણેકવાડા તથા મોટીવાવડી પ્રા.શાળાના સંયુકત ઉપક્રમે શાળા પ્રવેશોત્સવ ઉજવાયો



(દિલીપ પરમાર દ્વારા)
મોરબી, તા.૨૫

શ્રી માણેકવાડા પ્રા.શાળા તથા શ્રી મોટીવાવડી પ્રા.શાળાના સયુંકત ઉપક્રમે તા.૨૪ જૂનના રોજ કન્યા કેળવણી મહોત્સવ તથા શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકો તથા આંગણવાડીમાં પ્રવેશ મેળવનાર ભૂલકાઓને પ્રવેશ આપી પ્રોત્સાહિત કર્યા હતા તેમજ શાળામાં ધોરણ-૩ થી ૮ માં પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર મેળવેલ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત ઈનામ આપી સન્માનિત કરેલ. આ પ્રસંગે શાળાના તમામ બાળકોને નોટબુક અને ફુલસ્કેપ બુકની ભેટ આપવામાં આવી.

આ તકે શાળા પરીવાર દ્વારા મહેમાનોના હસ્તે સર્વે દાતાઓનું સાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. શાળાના બાળકો દ્વારા ઉપસ્થિત મહેમાનો અને દાતાઓનું પુસ્તક આપી સન્માન કરવામાં આવ્યું. (૧૩)

### પરિવારજનો આપણા સંબંધને નહીં સ્વીકારે તેવી બીકમાં

# પ્રેમીપંખીડાએ ઝેરી ટીકડા ખાધાઃયુવતીનું મોત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૨૫

રાજકોટના આજીડેમ નજીક કાળીપાટ ગામે રહેતા પ્રેમી પંખીડાએ સાથ જીયેગેં અને સાથ મરેગેંના કોલ સાથે ગામની વાડીમાં ઝેરી ટીકડા ખાઈ સજોડે આપઘાતનો પ્રયાસ કરતા બંનેને ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા.જ્યાં તરૂણીનું મૃત્યુ નિપજ્યું હતું. જ્યારે યુવકની સારવાર શરૂ કરાઈ હતી. તરૂણીના પરીવારજનો બન્નેના પ્રેમસંબંધના વિરૂધ્ધ હોય લાગી આવતા આ પગલું ભર્યાનું પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલ્યું છે.

બનાવની પ્રાપ્ત માહિતી મુજબ, કાળીપાટ ગામે રહેતો અને મજુરી કામ કરતો રવિ ધીરૂભાઈ મકવાણા નામના ૧૯ વર્ષીય યુવકને તેના જ ગામમાં રહેતી ૧૭ વર્ષની કિશોરી સંજના સાથે છેલ્લા ઘણા સમયથી પ્રેમ સંબંધ હતો. બંને એક બીજા સાથે લગ્ન કરવા પણ તૈયાર હતા. પરંતુ આ સંબંધ મામલે કિશોરીના પરીવારજનો બન્નેની વિરૂધ્ધમાં હોય ગઈકાલે તરૂણી રવિના ઘરે પહોંચી હતી. ત્યારબાદ તેણે હવે મરી જવું છે તેમ કહેતા રવિએ પણ આપણે મરી જઈએ તેમ કહી બન્ને ઘરેથી નિકળી ગયા બાદ થોડે દૂર ગામની હોટેલ પર ઝેરી ટીકડા ખાઈ કાળીપાટ ગામની વાડીમાં પહોંચ્યા હતા. જ્યાં રવિએ તેના મિત્રને ફોન કરી બન્નેએ ઝેરી દવા પી લીધું હોવાનું જણાવ્યું હતું.

આ પગલું ભરી લીધાની જાણ કરતાં જ તેના મિત્ર સહિતના પરીચીતો ત્યાં પહોંચ્યા હતા. બાદમાં બંન્નેને તત્કાલ ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યા હતા.જ્યાં કિશોરીનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજ્યું હતું.બનાવની જાણ થતાં આજીડેમ પોલીસના પીએસઆઈ આર.વી.કડછાએ હોસ્પિટલે પહોંચી જરૂરી કાર્યવાહી કરી હતી. આજીડેમ પોલીસની પ્રાથમિક તપાસમાં સંજના અને રવિ છેલ્લા સાત વર્ષથી એકબીજાના પ્રેમમાં હોવાનું અને પરિવારજનો આ સંબંધને નહીં સ્વીકારે માટે સજોડે પગલું ભરી લીધાનું જાણવા મળ્યું હતું.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

RECRUITMENT

DESIGNATION
Reporter
Photographer/Videographer
Video Editor
Computer Operator
Telemarketer

WALK IN INTERVIEW
Monday to Saturday

ADDRESS
122, Star Chambers,Harihar Chowk,
Near Panchnath Mandir, Rajkot

EXPERIENCE

Contact: +91 94097 57062

WORKING HOURS

MALE AND FEMALE BOTH CAN APPLY

# સાળંગપુરમાં શ્રી કષ્ટભંજન હનુમાનજીને દિવ્ય શૃંગાર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

સાળંગપુરમાં સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત વિશ્વવિખ્યાત શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર- ખાતે શનિવાર નિમિતે આજે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી એવં કોઠારીશ્રી વિવેકસાગરદાસ સ્વામીના માર્ગદર્શનથી શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજી દાદાને દિવ્ય મયૂરપંખના વાઘાનો શણગાર કરી સવારે ૫:૩૦ કલાકે મંગળા આરતી એવં દાદાના સિંહાસનને ફૂલો વડે શણગાર કરીને સવારે ૭ કલાકે શણગાર આરતી કરવામાં આવી હતી. મંદિરના પટાંગણમાં મારૂતિ યજ્ઞનું પણ આયોજન કરવામાં આવેલ, જેનો હજારો ભક્તોએ ઓનલાઈન તથા પ્રત્યક્ષ લાભ લઈ ધન્યતાનો અનુભવ કર્યો હતો.



Dt.25-06-2022 8
શનિવાર
અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

# સિંગતેલ અને કપાસિયા તેલના ભાવમાં એક દિવસમાં રૂ.૧૦૦ નો ઘટાડો

## છેલ્લા ૧૦ દિવસમાં બંને ખાદ્યતેલના ભાવમાં રૂ.૨૫૦ ઘટી ગયાઃ પામતેલનાં ભાવમાં રૂ.30નો ઘટાડો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૫

ખાદ્યતેલના ભાવોને લાગેવળગે છે ત્યાં સુધી સિંગતેલ અને કપાસિયા તેલનાં ભાવમાં છેલ્લા એક સપ્તાહથી એકધારો ઘટાડો થઇ રહ્યો હોવાથી ગૃહિણીઓમાં ખુશાલી પ્રસરી છે. મોંઘવારી બેફામ વધી રહી છે ત્યારે ખાદ્યતેલના ભાવ ઘટાડાથી લોકોમાં ખુશાલી અને રાહતની લાગણી પ્રસરી છે.

આજે સિંગતેલ અને કપાસિયા તેલનાં ભાવમાં એક જ દિવસમાં ડબ્બાદીઠ રૂ.૧૦૦ નો ઘટાડો નોંધાયો છે. છેલ્લા ૧૦ દિવસમાં જ સિંગતેલ અને કપાસિયા તેલના ભાવમાં રૂ.૨૫૦ જેવો નોંધપાત્ર ઘટાડો થયો છે. જેના કારણે લોકોને મોંઘવારીથી ઘણી રાહત અનુભવવા મળી છે. શુક્રવારે પામતેલના ભાવમાં વધુ રૂ.30 નો ઘટાડો થયો હતો. પામતેલનાં ડબ્બાનો ભાવ ઘટીને રૂ. ૨૦૧૦ થયો છે. વેપારીઓએ જણાવ્યા મુજબ ઇન્ડોનેશિયાએ પામતેલની નિકાસ પર અંકુશ દૂર કરી દીધો હોવાથી પામતેલનો પુરતો સ્ટોક થઇ ગયો છે. બીજીતરફ લેવાલી પણ ઘટી હોવાથી એકધારા

(અનુ.પાના નં.૪ ઉપર)

### રાજકોટનાં શહેરીજનોની ઈ-મેમો અંગેની વ્યથા સરકારને પહોંચાડતા ધારાસભ્ય

# ઈ-મેમો અંગે સર્જાયેલા વિવાદ અને લોકપ્રશ્નો અંગે ગોવિંદ પટેલ દ્વારા ગૃહમંત્રીને સીધી રજૂઆત



## ગૃહમંત્રીએ યોગ્ય ઉકેલ લાવવાની ધારાસભ્યને ખાતરી ઉચ્ચારી; ચૂંટણીઓ અને ઈ-મેમો ઝુંબેશને કોઈ સંબંધ નથીઃ ધારાસભ્યની સ્પષ્ટતા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૫

રાજકોટમાં છેલ્લા કેટલાક સમયથી ટ્રાફિક નિયમનના ભંગ અંગે અપાતા ઈ-મેમો અને ટ્રાફિક ઝુંબેશ તથા પેન્ડીંગ ઈ-મેમો અંગે અદાલતી કાર્યવાહીની ટ્રાફિક પોલીસની તૈયારીઓના મુદ્દા પર ભારે વિવાદ ઉભો થઇ ગયો છે અને ટ્રાફિક નિયમનના દંડની ઝુંબેશમાં પોલીસ અતિરેક કરતી હોવાનો રોષ રાજકોટના નાગરિકો વ્યક્ત કરી રહ્યા છે. અંતે હવે સમગ્ર મામલો રાજકોટનાં ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલે હાથમાં લીધો છે અને એમણે રાજ્ય સરકારમાં સંબંધિત મંત્રી સમક્ષ રજુઆતો કરી છે અને લોકોની સમસ્યાઓથી માહિતગાર કર્યા છે. તેમ તેઓએ એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું.

રાજકોટમાં ટ્રાફિક દંડની વસુલાત, ટ્રાફિક ઝુંબેશ અને પડતર ઈ-મેમો સહિતના ટ્રાફિકને લગતા મુદ્દાઓ જનતા અને પોલીસ વચ્ચે ભારે વિવાદનું કેન્દ્ર બની રહ્યા છે. વાહન ચાલકો તરફથી એવી ફરિયાદો ઉઠી છે કે, ટ્રાફિક પોલીસ તેની દંડ વસુલાત ઝુંબેશમાં વધારે પડતી કડકાઈ રાખી અતિરેક કરી રહી છે. તો બીજીતરફ ટ્રાફિક પોલીસનાં અધિકારીઓ કહે છે કે, લોકો દંડ ભરતા જ નથી જેના કારણે ઈ-મેમોનો ખડકલો થતો રહે છે. છતાં અમે સરકારની સુચનાને આધીન રહીને ૬ મહિના પહેલાનાં મેમો લોક અદાલતમાં રજુ કરવાના નથી. જે તાજેતરનાં મહિનાઓનાં ઈ-મેમો છે એ લોક અદાલતમાં મૂકીને કાનૂની કાર્યવાહી કરવામાં આવનાર છે.

શહેરનાં વિવિધ વર્ગોમાંથી રજુઆતો થઇ હોવાથી આખરે ધારાસભ્ય ગોવિંદ પટેલ મેદાનમાં આવ્યા છે અને આખો મામલો હાથમાં લીધો છે. તેમણે રાજકોટના ઈ-મેમો વિવાદ અંગે ગુજરાતનાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી સમક્ષ વિગતવાર રજૂઆત કરી છે એવું જાણવા મળ્યું છે. બે દિવસ પહેલા જ ધારાસભ્યએ ગૃહમંત્રીને રાજકોટના મામલે વિગતપૂર્ણ રજૂઆત કરતા ગૃહમંત્રીએ યોગ્ય કરવાની સાંત્વના આપી હતી તેમ ધારાસભ્યના નજદીકી વર્તુળોમાંથી જાણવા મળ્યું છે. ધારાસભ્યએ લોકોની વ્યથા અને સમસ્યા તરફ સરકારનું ધ્યાન દોર્યું છે. આખો પ્રશ્ન હવે ગંભીર બની ગયો હોવાથી ધારાસભ્ય ગોવિંદ પટેલે સરકારમાં રજૂઆત કરી યોગ્ય રસ્તો કાઢવા માટે અનુરોધ કર્યો છે.

શું ચૂંટણીઓ નજીક આવશે તો ટ્રાફિકનાં ઉઘરાણા કે દંડની વસુલાતની કાર્યવાહી બંધ કરી દેવામાં આવશે કે કેમ? એવા પ્રતિનિધિના સવાલના જવાબમાં ધારાસભ્ય ગોવિંદ પટેલે જણાવ્યું હતું કે, ચૂંટણી અને મેમોની ઝુંબેશને કોઈ સંબંધ નથી.

આ રીતે રાજકોટનાં લોક પ્રતિનિધિએ આ પ્રશ્ન રાજ્ય સરકાર સાથે હાથ ધર્યો હોવાથી ટૂંક સમયમાં લોકોની અપેક્ષા મુજબ કોઈ રસ્તો નીકળી આવશે અને ગૃહમંત્રી જરૂરી આદેશ બહાર પાડશે એવી લોકોને આશા છે.

રાજકોટ શહેર ચારેય દિશાઓમાં ખૂબ જ ઝડપથી વિસ્તાર પામી રહેલું મહાનગર છે. વાહનોની સંખ્યા પણ દિવસે- દિવસે વધતી

(અનુ.પાના નં.૪ ઉપર)

## મેમો વસુલવાનું કારણ પ્રજા પાસેથી પૈસા ઉઘરાવવાનું નથી પરંતુ એકવાર દંડ ભરીને નિયમનું પાલન કરે તે ઉદેશ્યઃ ટ્રાફીક એસીપી



ઈ-મેમો સંદર્ભે રાજકોટ ટ્રાફિક શાખાના એસીપીએ વાહનચાલકોને પત્ર મોકલાવી કેટલા સમય પહેલાના ઈ-મેમોની દંડની રકમ ભરવા નહીંતર કેસ કરવાની સુચના આપી હતી. આ સંદર્ભે એડવોકેટ રાજકોટના પોલીસ કમિશનર અને ટ્રાફિક બ્રાન્ચના એસીપીને લીગલ નોટિસ આપી તાકીદ કરી છે કે ઉપરોક્ત બંને સંદર્ભે સ્પષ્ટતા કરવામાં આવે અન્યથા કોર્ટ કાર્યવાહી માટે તૈયાર રહે. ત્યારે આજે ટ્રાફીક એસીપી મલ્હોત્રાએ મીડીયાને જણાવ્યું હતું કે, મેમો વસુલવાનું કારણ પ્રજા પાસેથી પૈસા ઉઘરાવવાનું નથી પરંતુ એકવાર દંડ ભરીને નિયમનું પાલન કરી કરે તે ઉદેશ્ય છે અને જો ખોટો મેમો હશે તો રદ્ પણ કરવામાં આવે છે અને કોર્ટ પણ મેમો રદ્ કરી શકે છે. જિલ્લા કાનુની સતા મંડળ દ્વારા લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. અદાલતના જણાવ્યા પ્રમાણે છેલ્લા મહિનાના ઇ-મેમો કેસ મોકલો લોક અદાલતમા તેનો નિકાલ થશે તે હેતુસર મેસેજ મોકલવામાં આવ્યા હતા.

# રાજકોટમાં અને સૌરાષ્ટ્રમાં વિદ્યાર્થીઓને શિકંજામાં લેવાના ગુનાખોર ટોળકીઓના પ્રયાસો ગંભીર

## તાજેતરમાં બહાર આવેલા કેટલાક ગુનામાં કોલેજીયન યુવાનો અને વિદ્યાર્થીઓની સંડોવણી વાલીઓ માટે લાલબતી ધરતા કિસ્સા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૫

રાજકોટ શહેરમાં અને જામનગરમાં તાજેતરમાં પોલીસના હાથે પકડાયેલા ઝાલી નોટ અને ડ્રગ્સની હેરાફેરીના કેટલાક કિસ્સામાં અપરાધીઓ જે પ્રકારના જોવા મળ્યા છે એ જોઇને પોલીસ તંત્ર ચોંકી ઉઠ્યું છે અને વાલી વર્ગને પણ લાલબતી ધરતા આ કિસ્સામાં ગુનાખોરો તરીકે કેટલાક વિદ્યાર્થીઓ પકડાયા છે એ બેહદ ચિંતાની બાબત છે. ગુનાખોર ટોળકીઓ રીઢા ગુનેગારોનો ઉપયોગ કરવાને બદલે હાઈસ્કૂલ અને કોલેજનાં વિદ્યાર્થીઓને લોભ-લાલચમાં લપેટીને ગુનાખોરીને એક નવો ભયંકર વળાંક આપી રહી હોય એવી ચિંતાજનક હકીકત ઉજાગર થઇ રહી છે.

તાજેતરમાં ઝાલી નોટની હેરફેરનું એક કૌભાંડ પકડાયું છે. બીજા એક કિસ્સામાં નશીલા પદાર્થોની દાણચોરીનો ગુનો પોલીસે પકડી પાડ્યો છે. આ બંને ભયંકર પ્રકારનાં ગુનાનાં અપરાધીઓ કોલેજના વિદ્યાર્થીઓ નીકળી પડ્યા છે. એ દર્શાવે છે કે, અપરાધી ટોળકીઓ હવે પોલીસની નજરથી બચવા અને ગુનાખોરીને અંજામ આપવા માટે ભોળા વિદ્યાર્થીઓને શિકંજામાં ફસાવી રહી છે. ગુનાખોરીની આ નવી તરાહ સમાજ માટે ગંભીર અને ભયંકર પરિસ્થિતિનો સંકેત કરી રહી છે અને સમગ્ર યુવાધન પર એક ગંભીર પ્રકારનો ખતરો મંડરાઈ રહેલો દેખાઈ છે.

જે કામ અને જે પ્રકારના ગુનામાં રીઢા અને ખૂંખાર ગુનેગારો કાળા હાથ કરતા હોય છે એવા પ્રકારના ગુનામાં વિદ્યાર્થીઓની સંડોવણી ખૂબ જ ચિંતાજનક સામાજીક પ્રશ્ન ગણાય અને વાલીવર્ગ માટે પણ લાલબતી ધરતા કિસ્સા છે. પોલીસ માટે પણ એક નવો પડકાર ઉભો થયો છે. કેમકે આવા વિદ્યાર્થીઓને ગુનાખોરીમાં ધકેલવામાં આવે ત્યારે શરૂઆતમાં એમના નામ પોલીસ ચોપડે લખાયેલા હોતા નથી એટલે પોલીસને શંકા ન જાય એ સ્વાભાવિક છે. વિદ્યાર્થીઓ પર પોલીસની ઝીણી નજર પણ ન હોય એ પણ સ્વાભાવિક છે. એટલે ગુનાખોર ટોળકીઓની કુડી નજર વિદ્યાર્થી આલમ પર પડી રહી છે. તે પોલીસ અને સમાજ બંને માટે એકદમ ચેતી જવા જેવી ગંભીર હકીકત છે. જો આવી રીતે લોભ, લાલચ યા તો ધાક-ધમકીથી કોલેજ અને હાઈસ્કૂલના વિદ્યાર્થીઓને રીઢા ગુનેગાર તત્વો કાંખમાં લઇ લેશે તો ગુનાખોર જગતમાં એક નવી ગુનેગાર ફોજનું નિર્માણ થઇ જશે એટલું જ નહીં અનેક પ્રકારનાં ગંભીર સામાજીક પ્રશ્ન પણ ઉભા થઇ જશે. અત્યારે સ્માર્ટ ફોનનો સૌથી વધારે દુરુપયોગ ગુનાખોર ટોળકીઓ જ કરતી હોય છે. આજના યુવાનો સ્માર્ટ ફોનની તમામ તરકીબોથી માહેર થઇ જતા હોય છે. જેનો અપરાધી ટોળકીઓ દુરુપયોગ કરવા પ્રેરાઈ હોય એ શંકા હવે વાસ્તવિકતાનું સ્થાન લઇ રહી છે.

સૌરાષ્ટ્રમાં વિદ્યાર્થી આલમને ડ્રગ્સ અને જુગારના

(અનુ.પાના નં.૪ ઉપર)

# અમદાવાદમાં ૪ હોસ્પિટલ ધરાવતી બિલ્ડીંગમાં આગ ભભૂકી

## નવજાત શિશુઓને બચાવવા ફાયરબ્રિગેડ અને પોલીસનું દિલધડક ઓપરેશન



**પરિમલ ગાર્ડન પાસેથી ઘટના, ૧૦ નવજાત શિશુ સહિત ૨૦ લોકોનું અત્યાર સુધી રેસ્ક્યુ**

**(એજન્સી સમાચાર)**
અમદાવાદ, તા.૨૫

અમદાવાદના વિખ્યાત પરિમલ ગાર્ડન પાસે આવેલી દેવકૃપા નામની એક બિલ્ડીંગમાં આજે બપોરે એકાએક આગ ફાટી નીકળતા બિલ્ડીંગમાં આવેલી હોસ્પિટલમાંથી નવજાત શિશુઓને ઉગારવા માટે ફાયરબ્રિગેડ દ્વારા દિલધડક ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે. આ બિલ્ડીંગઅ ૪-૪ હોસ્પિટલ આવેલી છે. પરિણામે ફાયરબ્રિગેડ અને પોલીસનો જંગી કાફલો સ્થળ પર ધસી ગયો છે. બપોરે ૨:30 વાગ્યે આ લખાય છે ત્યાં સુધીમાં ૧૦ નવજાત શિશુ સહિત ૨૦ લોકોનું રેસ્ક્યુ કરવામાં આવ્યું છે. સ્થાનિક લોકો પણ બચાવ કામગીરીમાં જોડાયા છે અને આખા વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ છે.

ફાયરબ્રિગેડના જવાનો અંદર ફસાયેલા લોકોને બચાવવા માટે જોરદાર સંઘર્ષ કરી રહ્યા છે. બિલ્ડીંગની અગાસી પરથી જઈ ઓફીસના કાચ તોડીને હોસ્પિટલમાંથી નવજાત શિશુઓ અને ધાત્રી માતાઓને બચાવાની કામગીરી યુધ્ધના ધોરણે ચલાવવામાં આવી રહી છે. બિલ્ડીંગમાં આવેલા સર્વરરૂમમાં આગના તણખા ઝર્યા હતા અને બાદમાં બિલ્ડીંગમાં આગ પ્રસરી વળી હતી. કોઈ જાનહાની થઇ છે કે કેમ તે હજુ જાહેર થયું નથી.(૨.૧૨)

# ભરચોમાસે રાજકોટમાં બપોરે આકરા ઉનાળા જેવો તાપ : મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીએ પહોંચ્યું





## મહત્તમ તાપમાન ઊંચું જતા ફરી ઉનાળા જેવી ગરમી અનુભવાઈ, બફારો વધ્યોઃ આજથી ૩ દિવસ સુધી વરસાદ પડશે તેવી આગાહી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટઃ રાજકોટમાં આજે મહત્તમ તાપમાન ૩૯.૯ ડિગ્રીએ પહોંચ્યું હતું. મહત્તમ તાપમાન ઊંચકાતા દિવસભર ઉનાળા જેવી ગરમી રહી હતી. હવામાનખાતાના જણાવ્યા મુજબ આજથી હવે ત્રણ દિવસ સુધી વરસાદ પડશે. રાજકોટ ઉપરાંત સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં હળવાથી લઇને ૩ ઈંચ સુધીનો વરસાદ પડી શકે છે. રાજકોટ ઉપરાંત સૌરાષ્ટ્રના અન્ય જિલ્લામાં પણ મહત્તમ તાપમાન ઊંચકાયું હતુ. સૌરાષ્ટ્રમાં સૌથી ઊંચુ તાપમાન સુરેન્દ્રનગરમાં ૪૦.૮ ડિગ્રી નોંધાયું હતુ. રાજકોટમાં ઉનાળા જેવી ગરમી પડતા લોકો પરસેવે રેબઝેબ થયા હતા અને ગરમીથી આકુળવ્યાકુળ બન્યા હતા. રાજકોટ ઉપરાંત અમરેલીમાં ૩૮.૪, ભાવનગરમાં ૩૬.૧, દ્વારકામાં ૩૩.૦૦, ઓખામાં ૩૪.૯, મહુવા ૩૩.૮, કેશોદ ૩૬.૪, પોરબંદર ૩૬.૩, વેરાવળ ૩૪.૬ અને દીવ ૩૩.૦૦ ડિગ્રી તાપમાન રહ્યું હતું. હવામાનખાતાના જણાવ્યાનુસાર સામાન્ય રીતે જૂન મહિનામાં છૂટોછવાયો જ વરસાદ પડતો હોય છે. જુલાઇ માસથી સાર્વત્રિક વરસાદ થતો હોય છે. આજે સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં હળવાથી મધ્યમ ઝાપટા પડવાની સંભાવના વર્તાઈ રહી છે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
જાહેર નોટીસ
કોર્ટ નોટીસ
જાહેર ચેતવણી
દાવાનાં સમન્સ
વગેરે પ્રસિધ્ધ કરાવો
ફક્ત રૂા.૬૦માં
+5%GST (પ્રતિ કોલમ સે.મી.અંદર પાને)
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

# ગુજરાતના વિખ્યાત કાપડ અને કોટન ઉદ્યોગનું તંગ દોર પર નર્તન

## છેલ્લા લાંબા સમયથી ઉદ્યોગકારોને જંગી ખોટઃ ધંધો બહાર ખેંચાઈ જતો હોવાથી રાજ્યની આર્થિક જીવાદોરી જેવા ઉદ્યોગો ખતરામાં મુકાયા



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૫

હજારો- લાખો પરિવારોને અત્યાર સુધી નભવતો રહેલો અને ગુજરાતના અર્થતંત્રની જીવાદોરી ગણાતો ગુજરાતનો વિખ્યાત કાપડ અને કોટન ઉદ્યોગ અત્યંત સંકટમાં મુકાઇ જવા પામ્યો છે અને હજારો કામદારો તથા કારીગરોની રોજીરોટી છીનવાઈ જવાનો ભય ઉભો થયો છે. જીએસટી આવ્યા બાદ આ ઉદ્યોગને ખર્ચ અને ખોટના ખાડામાં વધુને વધુ ઊંડા ઉતરવા પડ્યું છે. ઉપરથી આખો ધંધો રાજ્ય બહાર જઈ રહ્યો હોવાથી તાકીદના પગલા ન લેવાય તો ગુજરાતના આ મશહુર ઉદ્યોગનો મૃત્યુઘંટ વાગી જવાનો ડર છે. જો આ ઉદ્યોગને તાળા લાગે તો તેની રાજકીય રીતે પણ ઘણીબધી ગંભીર અસરો થઇ શકે છે એવું નિષ્ણાંતોનું માનવું છે. ગુજરાતના ટેક્સટાઈલ ઉદ્યોગના વેપારીઓ અને કપાસના ખેડૂતોને પહાડકાય નુકશાન સહન કરવું પડ્યું છે. જેના કારણે સમગ્ર ઉદ્યોગ સંકટમાં મુકાયો છે.

ગત 30 જૂન, ૨૦૧૭ ની મધરાત્રે જેવો જીએસટી વેરા કાયદો અમલમાં આવ્યો અને નિયમ લાગુ થયો ત્યારે જ સુરતના એક કાપડના વેપારી હિતેશ સકલેચાએ અચોક્કસ મુદતના ઉપવાસ શરૂ કરી દીધા હતા. ૧૭ દિવસ સુધી એમણે આંદોલન ચલાવ્યું હતું જેને એકલા સુરતના ૬૫ હજાર વેપારીઓએ ટેકો આપ્યો હતો. જીએસટી દાખલ થયા બાદ જંગી ખોટ થવાનો એમનો અંદાજ હતો જે આટલા વર્ષે સાચો પડી ગયો છે. એક સમયે એમણે સુરતમાં બે લાખ લોકોની રેલી પણ કરી હતી. અમદાવાદમાં જીએસટી વિરોધી રેલીમાં દોઢ લાખ વેપારીઓ અને લોકો ઉમટ્યા હતા. કપાસનાં ખેડૂતો પણ જોડાયા હતા. કેમકે એમની આવકમાં પણ ઘટાડો શરૂ થઇ ગયો હતો.

સકલેચા જેવા ટેક્સટાઈલ વેપારીઓની દલીલ એવી છે કે, કાપડ પર પાંચ ટકા જીએસટી લાગુ થાય છે. રૂ.૧ હજારથી ઓછી કિંમતના માલ પર પાંચ ટકા અને રૂ.૧ થી વધુના કાપડના માલ-સામાન પર ૧૨ ટકા જીએસટી લાગુ કરી દેવાયો છે. પરિણામે ગુજરાતનો ધંધો બાંગ્લાદેશ અને વિએટનામના વેપારીઓને મળી રહ્યો છે. ત્યાં કાપડ ઉદ્યોગને કરવેરામાં ઘણી રાહત આપવામાં આવે છે.

### ઉદ્યોગો પર મંદીનું ગ્રહણ લાગતા સૌરાષ્ટ્ર અને ગુજરાતના હજારો કામદારો રોજીરોટી વિહોણા થવાનો ભયઃ હવે જીએસટી આવ્યા પછી ઉદ્યોગો માટે પ્રતિકુળ પરિસ્થિતિ

વેપારીઓ દલીલ કરે છે કે, જીએસટી લાગુ થયાના પાંચ વર્ષમાં જ તમારો ભય સાચો ઠર્યો છે. ગુજરાતનો ધંધો અહીં ખતમ થઇ રહ્યો છે અને અન્ય દેશનાં વેપારીઓને લાભ મળી રહ્યો છે. રો મટીરીયલના આસમાને જતા ભાવ, ભારે કરવેરા, ઘટતું જતું ઉત્પાદન અને માંગમાં ઘટાડાને કારણે સમગ્ર કાપડ ઉદ્યોગ મંદીના શિકંજામાં જ સપડાઈ ગયો છે અને પંગુ બની ગયો છે. નિકાસો પણ ઓછી થઇ રહી છે. કપાસનાં ભાવમાં વધારા અને વિજ તથા કેમિકલ ખર્ચમાં વધારાને કારણે ઉત્પાદન ખર્ચ વધી ગયો છે અને સામે માંગ ઘટી જતા વેચાણ મામુલી થઇ ગયું છે.

સુરતના એક અગ્રણી ટેક્સટાઈલ ઉદ્યોગપતિએ રોષ ઠાલવ્યો હતો કે, મારો ૭૦ ટકા ધંધો ખતમ થઇ ગયો છે. ૪૦૦ જેટલા વેપારીઓના એસોસિએશનના વડા એક વેપારીએ દુઃખ સાથે જણાવ્યું હતું કે, મેં આવી કટોકટી મારા જીવનમાં જોઈ નથી.

કપાસના ઉત્પાદકોની પણ ખરાબ દશા છે. ટેકાના ભાવોમાં વધઘટ, વરસાદની ઘટ, અપૂરતો વરસાદ તેમજ વરસાદના કેલેન્ડરમાં ફેરફારો, કપાસમાં લીલી ઈયળ જેવી જીવતોને કારણે પરિસ્થિતિ ગંભીર છે. એક ખેડૂતે કહ્યું હતું કે, મારા નિયમિત રીતે થતા કપાસ ઉત્પાદનમાં આ વખતે ૬૫ ટકા જેવી ભારે ઘટ આવી છે. ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીઓ આવી રહી છે ત્યારે

(અનુ.પાના નં.૪ ઉપર)

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.